
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય-પરિચય.


૧ હૃદયોદ્‌ગાર. ... ... ( વેલચંદ ધનજી ) ... ... ૧૨૩
૨ પ્રમાદ પરિહાર. ... ( ભગવાનદાસ મનસુખભાઇ મહેતા ) ... ૧૨૪
૩ સત્ય જ્ઞાનનું રહસ્ય. ... ... ( અનુવાદ ) ... ... ૧૨૬
૪ હિંદુસ્તાનમાં જૈનોની વસ્તી વિષયક દશા. (નરોતમદાસ. બી શાહ. ) ૧૨૯
૫ આજનું સ્ત્રી શિક્ષણ. ... ( મુનિ શ્રીહિમાંશુવિજયજી મહા૦) ... ૧૩૨
૬ અમારી પૂર્વદેશની યાત્રા. ( મુનિરાજ શ્રી દર્શન વિ. મહારાજ ) ... ૧૪૦
૭ વર્તમાન સમાચાર. (અમદાવાદથી છરી પાળતો નીકળેલો સંઘ ) ... ૧૪૩
૮ સ્વીકાર અને સમાલોચના. ... ... ... ... ... ૧૪૫



**ઘણી થોડીજ નકલો છે... જલદી મંગાવો.... જલદી મંગાવો.......**

# શ્રી કર્મગ્રંથ. ( ૪ )

છેલ્લામાં છેલ્લી ઢબે તૈયાર કરેલ **શ્રી દેવેન્દ્રસૂરિકૃત સ્વોપજ્ઞ** ટીકાયુક્ત ચાર **કર્મગ્રંથ** કે જે આગળ બહાર પાડેલ આવૃત્તિઓમાં રહેલ અશુદ્ધિઓનું તેમજ આખા ગ્રંથનું કાળજીપૂર્વક તાડપત્રીય અને બીજી અનેક પ્રાચીન હસ્તલિખિત પ્રતોનો ઉપયોગ કરી પ્રમાણિકપણે સંશોધન મુનિરાજ **શ્રી ચતુરવિજયજી** મહારાજે તેમજ તેમના વિદ્વાન્ શિષ્ય સાક્ષરોત્તમ મુનિરાજ **શ્રી પુણ્યવિજયજી** મહારાજે આ ગ્રંથને સુધારવા તથા સંપાદનને લગતા કાર્યમાં કિંમતી હિસ્સો આપવાથી જ આવો શુદ્ધ અને સુંદર કર્મગ્રંથના અભ્યાસીઓ માટે અતિ ઉપયોગી અને ઉપકારક આ ગ્રંથ અમો પ્રગટ કરી શકયા છીયે.

સ્થળે સ્થળે પેરેગ્રાફ પાડી વિષયોને છુટા પાડવા સાથે, દરેક સ્થળે પ્રમાણ તરીકે અનેક શાસ્ત્રીય પાઠો, તે કયા ગ્રંથોમાંહેના છે તેના પણ નામો અને તેના ટીપ્પણો આપેલાં છે. છેવટે ૭ પરિશિષ્ટોમાં, પ્રથમ ટીકાકારે પ્રમાણ તરીકે ઉદ્ધરેલ શાસ્ત્રીય પાઠો, ગાથાઓ અને શ્લોકો વગેરે અકારાદિક્રમ પ્રમાણે આપેલ છે. બીજા અને ત્રીજામાં ટીકામાં આવતા ગ્રંથો અને ગ્રંથકારોના નામોનો ક્રમ, ચોથામાં કર્મગ્રંથ અને ટીકામાં આવતા પારિભાષિક શબ્દનો કોષ, પાંચમામાં ટીકામાં આવતા પિંડપ્રકૃતિસૂચક શબ્દોનો કોષ અને છેલ્લામાં વર્તમાનમાં ઉપલબ્ધ થતા શ્વેતામ્બર-દિગમ્બર સંપ્રદાયના કર્મવિષયિક સમગ્ર સાહિત્યની નોંધ આપવામાં આવી છે. પ્રસ્તાવના ગુજરાતીમાં એટલા માટે આપેલી છે કે સર્વકોઇ આ કર્મગ્રંથનું સ્વરૂપ, મહત્ત્વતા, ગ્રંથ પરિચય, કર્મ વિષય સાહિત્યની ઓળખ, ગ્રંથકારનો પરિચય, પરિવાર, ગ્રંથરચના, પ્રતિઓનો પરિચય વગેરે જાણી શકે, જેથી ગુજરાતી ભાષાના જાણુ અને આ કર્મવિષયી ગ્રંથનું મહત્ત્વ જાણવાના જિજ્ઞાસુઓ માટે સંપાદક મહાપુરૂષોએ અતિ ઉપકાર કર્યો છે.

ઉંચા એન્ટ્રીક કાગળો ઉપર નિર્ણયસાગર પ્રેસમાં સુંદર શાસ્ત્રીય ટાઇપોથી છપાવી સુંદર બાઇંડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. આ ગ્રંથને અંગે મળેલ આર્થિક સહાય થયેલ ખર્ચમાંથી બાદ કરી માત્ર રૂા. ૨-૦-૦ બે રૂપીયા ( પોસ્ટેજ જુદુ ) કિંમત રાખવામાં આવેલ છે.

-:લખો:-

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

# શ્રી આત્માનન્દ પ્રકાશ.

अन्तरङ्गं महासैन्यं समस्तजनतापकम् ।
दलितं लीलया येन केनचित्तं नमाम्यहम् ॥ १ ॥

આત્માનું અંતરંગ મહાસૈન્ય ( કામ–ક્રોધાદિ ) કે જે વિશ્વના પ્રાણીઓને સંતાપ કરનારૂં છે તેનો જેમણે લીલા માત્રથી વિનાશ કર્યો છે તેમને હું નમસ્કાર કરૂં છું.

ઉપમિતિભવપ્રપંચા કથા.

पुस्तक ३२ } वीर सं. २४६०. पोष. आत्म सं. ३९. { अंक ६ ठ्ठो.

## હૃદયોદ્‌ગાર.

( ગઝલ. )

( ૧ )

શ્રીમાનો ને ધીમાનોમાં, મહા મતભેદ ચાલે છે;
તીરથના યાત્રિયો વિવિધે, મનોવાંચ્છિત માગે છે.

( ૨ )

નીહાળી તેહથી યોગી, બાલો ચિત્તભાત્ર ત્યાગે છે;
ઇચ્છાપર દાબ રાખીને, નેકીપર પૂર્ણ રાચે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૩ )

પરમપદ–પ્રાપ્તિના માટે, રમણ સાત્વિક ચાહે છે;
મનોહર માર્ગની શોધે, સુધારસ સત્ત્વ ચાખે છે.

( ૪ )

ખરેખર દેહ માનવ નો, મળ્યો અતિ પુણ્યના યોગે;
લૌકિક રસ ના હવે લેવો, એહિજ ભવ સાર્થ સદ્‌યોગે.

( ૫ )

મહાપદ–મોક્ષ મેળવવા, નોખા નહીં પંથથી પડવું;
ભાખે પ્રભુ પ્રેમથી પોતે, વધુ કહી ને જ શું કરવું ?

( વેલચંદ ધનજી. )

## પ્રમાદ પરિહાર.

વૈતાલીય.

પરમોત્તમ માનવત્વમાં, અતિ આ દુર્લભ જીવિતવ્યમાં;
ક્ષણ કેવલ એક માનવી ! તુજને યોગ્ય નથી ગુમાવવી. ૧
પળ ઉપર જાય છે પળો, દિવસો ઉપર જાય દિવસો;
વરષો પર વર્ષ જાય છે, નિજ આયુષ્ય વ્યતીત થાય છે. ૨
ક્ષણ રે ! ક્ષણ એમ વીતતાં, ભવ નિરંત વૃથા વહી જતા;
કંઇ શ્રેય થયું ન તાહરૂં, વિસર્યો આત્મ સ્વરૂપ તું ખરૂં. ૩
ઘટિયંત્ર ઘડી ઘડી કહે— " કર કલ્યાણ મનુષ્ય ભવ્ય હે !
ગત આ પળ આવશે નહિં, તજી દે તુજ પ્રમાદને અહિં. " ૪
ધન કો જન *કાળને કથે, પણ તે તો ધનથી અતિ ચઢે;
ક્ષણ કારણ ના પુનઃ મળે, ધનકોટિ પણ આપતાં ખરે ! ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વરતે દિનમાંહિ લક્ષ લે ! [1]વિપળો સોળ સહસ્ર લક્ષ બે;
કયમ તેહ કરે પસાર તું ? કદીં તેનો કરતો હિસાબ તું ? ૬

ગલતું જયમ અંજલિ જલ, કુશાગ્રે ચલ જેમ આકુળ;
જલબિન્દુય અબ્જિની દલે ત્યમ આયુષ્ય નિરંતરે ગળે. ૭

કરતાં અહિં ' કાલ કાલ રે, ભરશે કાળ કરાલ ફાળ રે;
' મનની મનમાં રહી જશે, ' પડ મા લેશ પ્રમાદના વશે. ૮

ભજશે તુજ કેશ શ્વેતના, તજશે ઇંદ્રિયવૃંદ સ્વસ્થતા;
તક સાધી સ્વ શ્રેય સાંધી લે, પૂર પૂર્વે દઢ પાળ બાંધી લે. ૯

તજ [2]ભાવસુષુપ્ત ગાઢ તું, ઉઠ આત્મન્ ! ઉઠ જાગ જાગ તું;
પુરૂષાર્થ સદા સ્ફુરાવને, ભજ નિત્યે અપ્રમાદ ભાવને. ૧૦

દૂર મોહનિશા પછી થશે, ચિદ આકાશપ્રકાશ પામશે,
મનનંદન ધામમાં જશે, સુખ શાંતિ પદમાં વિરામશે. ૧૧

ત્રોટક.

યમ વ્યાધ [3] ઉભો અપ્રમત્તપણે, મૃગ શા જીવને ક્ષણમાં જ હણે;
કયમ તેહ તથાપિ પ્રમાદ ધરે ? અભયસ્થળ આશ્રય કાં ન કરે ? ૧૨

**ભગવાનદાસ મનસુખભાઇ મહેતા.**

* Time is money. ' વખત એ પૈસો છે— ' એ સૂત્ર.

આખા દિવસમાં ૨૧૬૦૦૦ વિપળ–સેકંડ છે.

૨ ભાવ નિદ્રા. ૩. શિકારી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સત્ય જ્ઞાનનું રહસ્ય.

( જીવનનું પરમધ્યેય. )

[ ગતાંક પૃષ્ટ ૧૦૩ થી શરૂ. ]

" અજન્મ આત્મા (પરમાત્મા)એ એક સ્વરૂપી અજાત પ્રકૃતિનો આશ્રય લઈને પોતાના આનંદને ખાતર અનેકવિધ જીવોરૂપ સંતતિનો પ્રાદુર્ભાવ કર્યો "—શ્વેતાશ્વવતર ઉપનિષદ. ૪૦૫

જનતામાં બુદ્ધિયુકત વિચારશીલતાનો આવિષ્કાર થયો તે કાળથી મનુષ્યજાતિ વિશ્વરચના અને ભૌતિક પદાર્થોની વિચારણામાં સામાન્ય રીતે તલ્લીન થતી આવેલ છે. વળી મનુષ્યજાતિ યથાયોગ્ય વિચારવંત બની ત્યારથી તેને સ્વકીય વિચારણા વિશિષ્ટપણે થવા માંડી હોય એમ પણ સ્પષ્ટ રીતે લાગે છે. સૃષ્ટિની ઉત્પત્તિનો પ્રશ્ન અનાદિ કાળથી મહાન સમર્થ વિચારકોને પણ અત્યંત સંભ્રમમાં નાખી રહેલ છે, એ પ્રશ્ન હેકલ જેવા એક સમર્થ તત્ત્વજ્ઞાનીને મહાન્‌માં મહાન્ અને વિકટમાં વિકટ લાગ્યો છે.

સૃષ્ટિની ઉત્પત્તિના સંબંધમાં વિચારકોએ અનેકવિધ ભિન્નભિન્ન અભિપ્રાયો આપ્યા છે. સૃષ્ટિ કર્તૃત્વવાદના સંબંધમાં કેટલાક વિચારકોના અભિપ્રાય એકસરખા અભિન્ન પણ પડયા છે. ઈશ્વરે સર્વ વસ્તુઓ તેમજ આત્માઓની ઉત્પત્તિ કરી એવું વેદાંતનું કથન છે. ઇશ્વરે કુન ( કુન એટલે ભલે થાય ) શબ્દનું ઉચ્ચારણ કરી સૃષ્ટિનો પ્રાદુર્ભાવ કર્યો એવો મુસ્લીમોનો મત છે. પ્રભુએ શૂન્યમાંથી સૃષ્ટિથી ઉત્પત્તિ કરી એવી મુસ્લીમો તેમજ ઇસાઇઓની માન્યતા હોવાથી શૂન્યમાંથી સૃષ્ટિ–કર્તૃત્વ સંબંધી બન્નેનું મંતવ્ય એક જ છે. જુનાં ખ્રિસ્તી ધર્મશાસ્ત્રનાં પ્રથમ પુસ્તક ' genesis ' માં શૂન્યમાંથી સૃષ્ટિની ઉત્પત્તિ થયાનો સ્પષ્ટ ઉલ્લેખ છે.

સૃષ્ટિ–કર્તૃત્વના સંબંધમાં હિન્દુ, મુસ્લીમ અને ખ્રિસ્તી ધર્મશાસ્ત્રોના અભિપ્રાય આધુનિક વિજ્ઞાનને બીલકુલ માન્ય નથી. આધુનિક વિજ્ઞાન ઈશ્વરનો સ્વીકાર પણ કરતું નથી. સૃષ્ટિની ઉત્પત્તિ કુદરતી કારણોથી કુદરતના શાશ્વત્

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિયમોથી થઇ હોવાનો વિજ્ઞાનનો શુદ્ધ મત છે. હિન્દુઓમાં સૃષ્ટિની ઉત્પત્તિના સંબંધમાં પ્રત્યક્ષમતવાદ અને માયાવાદ એમ બે મત છે. કપિલ મુનિ જેઓ સાંખ્ય મતના સ્થાપક હતાતેઓ પ્રત્યક્ષમતવાદી હતા.

પ્રત્યક્ષમતવાદના ૪ બુદ્ધિયુક્ત અને વૈજ્ઞાનિક સિદ્ધાન્તો નીચે પ્રમાણે છેઃ–

૧ શૂન્યમાંથી કોઇ પણ વસ્તુની ઉત્પત્તિ શકય નથી.

૨ કારણ અનુસાર પરિણામ નિષ્પન્ન થાય છે અર્થાત્ કારણની શકિત આદિ ઉપર પરિણામની શકિત આદિ નિર્ભર રહે છે.

૩ પારિણામિક સ્થિતિનું વિદારણ થવાથી મૂળ કારણરૂપ સ્થિતિ પુનઃ ઉત્પન્નથાય છે.

૪ કુદરતના કાયદાઓ સર્વત્ર સમાન છે.

સૃષ્ટિની ઉત્પત્તિના સંબંધમાં સાંખ્યમત એવો છે કે શાશ્વત ભૌતિક દ્રવ્ય પ્રકૃતિમાંથી વિશ્વની ઉત્પત્તિ અને રચના થાય છે. પ્રકૃતિમાંથી વિશ્વ દ્રશ્યમાન સ્વરૂપે પરિણમે છે. જગવિખ્યાત વૈજ્ઞાનિક સર પ્રફુલ્લચંદ્ર રોયે વિજ્ઞાન સંબંધી એક પુસ્તક લખ્યું છે તેમાં પણ સૃષ્ટિની ઉત્પત્તિના સંબંધમાં આવોજ અભિપ્રાય વ્યકત કરવામાં આવ્યો છે. સર પી. સી. રોય સૃષ્ટિની ઉત્પત્તિ સંબંધી લખતાં પોતાના ગ્રંથમાં જણાવે છે કે—

"અરૂપી અને અભિન્ન પ્રકૃતિમાંથી આ દ્રશ્યમાન સૃષ્ટિ ઉત્પન્ન થયેલી છે. પ્રકૃતિ અવિનાશી અને અનાદ્યન્ત છે. પ્રકૃતિના અનંત ગુણો છે. સત્વ-ગુણ, રજોગુણ અને તમોગુણ; એ પ્રકૃતિના પ્રધાન સ્વરૂપો છે. સત્વગુણથી બુદ્ધિયુકત વિચારણા, રજોગુણથી કાર્ય કે નિરોધશકિત અને તમોગુણથી વિચારણા અને કાર્યનો અભાવ પરિણમે છે."

આ દુનીયામાં જે જે વસ્તુ જોવામાં આવે છે તે તે દરેક વસ્તુ એક પ્રકારની રચના કે મિશ્રણનાં પરિણામરૂપ છે. ભિન્નભિન્ન વસ્તુઓની રચના આદિથી પ્રકૃતિનું કાર્ય અને વિકાસ અવિરતપણે થયાં કરે છે. પ્રકૃતિ-માંથી આ પ્રમાણે અનેક સૃષ્ટિઓની ઉત્પત્તિ થાય છે અને એ સૃષ્ટિઓનો આખરે વિનાશ પણ થાય છે. કુદરતનું કાર્ય આ રીતે નિરંતર ચાલ્યા કરે છે.

સૃષ્ટિની ઉત્પત્તિના સંબંધમાં યોગમતનો અભિપ્રાય સાંખ્યમતના અભિ-પ્રાયને અનુરૂપ છે. આકાશ અને પ્રાણ (ચેતના)માંથી સૃષ્ટિનો પ્રાદુર્ભાવ થયાનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોગમતવાદીઓ માને છે. સ્વામી વિવેકાનંદે આકાશની કાર્યશક્તિ વિષે સુંદર પ્રકાશ પાડયો છે. સ્વામીજી આકાશના કાર્યપ્રદેશના સંબંધમાં વિવેચન કરતાં જણાવે છે કેઃ—

"સૃષ્ટિના પ્રારંભમાં આકાશ સિવાય બીજુ કશુંયે હોતું નથી. આકાશમાંથી વાયુ, વાયુમાંથી પ્રવાહી પદાર્થો અને પ્રવાહી પદાર્થોમાંથી ઘન દ્રવ્યો બને છે. વળી આકાશ એ સૂર્ય, પૃથ્વી, ચંદ્ર, તારાઓ અને ધૂમકેતુઓનું પણ ઉત્પત્તિસ્થાન છે. આકાશમાંથી જ શરીર, વનસ્પતિ આદિ દરેક વસ્તુ ઉત્પન્ન થાય છે. કાળચક્ર પૂરૂં થતાં સર્વ વસ્તુઓ પાછી આકાશરૂપ બની જાય છે. નૂતન સૃષ્ટિનો આવિષ્કાર પણ આકાશમાંથી જ થાય છે."

પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુના અણુઓ દ્રશ્યમાન જગતનું પ્રધાન કારણ છે, એવો ન્યાયપંથનો મત છે. વૈશેષિક મતાનુયાયીઓ સૃષ્ટિની રચનામાં પરમાણુઓને પ્રાધાન્ય આપે છે. વૈશેષિક મતના સ્થાપક કણાદે પરમાણુઓનું સ્વરૂપ નીચે પ્રમાણે આપ્યું છેઃ–

"સૂર્યનાં કિરણમાં જે કણ દેખાય છે તે સૌથી નાનામાં નાની વસ્તુ છે. કણ એ એક પદાર્થ હોવાથી તે તેનાથી નાની વસ્તુઓથી બનેલ હોવું જોઇએ. આ પ્રમાણે આગળ ચાલતાં વસ્તુનો અવિભાજ્ય અંશ પ્રાપ્ત થાય છે, જેને પરમાણુ કહે છે. નાની–મોટી દરેક વસ્તુના પરમાણુ સરખા છે. દરેક વસ્તુમાં અનેક પરમાણુઓ હોય છે. લઘુતા (સ્વલ્પતા) ની દ્રષ્ટિએ પર્વત કે રાઇનાં પરમાણુઓ સરખાં સમજી લેવાં."

ઉત્પાદનની વિલક્ષણ ઇચ્છારૂપ કોઈ અદ્રશ્ય પ્રબળ કારણ કે કોઇ એવાં ખાસ કારણને લઇને, પરમાણુઓના સંયોગથી સૃષ્ટિની ઉત્પત્તિ થાય છે, એમ વૈશેષિક મતવાદીઓ માને છે.

પ્રત્યક્ષમતવાદી પૂર્વકાલીન હિન્દુ મહર્ષિઓના સૃષ્ટિકર્તૃત્વવાદના સંબંધમાં આ પ્રમાણે ભિન્નભિન્ન મતો છે. શૂન્યમાંથી સૃષ્ટિ ઉત્પત્તિ થયાનું પ્રત્યક્ષમતવાદીઓ માનતા જ નથી. કોઇ ને કોઇ સૂક્ષ્મ વસ્તુમાંથી સૃષ્ટિની ઉત્પત્તિ થઇ એમ પ્રત્યક્ષમતવાદીઓ માને છે. સૃષ્ટિનો પ્રાદુર્ભાવ અમુક નિશ્ચિત નિયમોને આધીન રહીને જ થયાનું પ્રત્યક્ષમતવાદીઓનું સ્પષ્ટ મંતવ્ય છે. ભૌતિક પદાર્થો અને ચેતન દ્રવ્ય (આત્મતત્ત્વ) એ બન્નેની વિશ્વનાં પ્રધાન અંશોરૂપે પુરાતન કાળથી ગણના થતી આવી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# હિંદુસ્તાનમાં જૈનોની વસ્તી વિષયક દશા !

( ગતાંક પૃષ્ઠ ૧૨૨ થી શરૂ )

## છેવટનું નિવેદન.

જૈન કોમની અસલની જાહોજલાલી અને દાન પ્રવૃતિ ને લગતો ઇતિહાસ તેમજ જૈન શ્રીમંતો અને ધાર્મિક પુરૂષો કે, જેઓ હજી પણ કોઈ કોઇ શહેરો અને ગામડાઓમા 'મહાજન' અને 'નગરશેઠ' ના ઉપનામથી ઓળખાય છે તેને લગતા બ્યાનોનો ઉલ્લેખ કરી ભૂતકાળનો ઇતિહાસ રજુ કરવાની, આ જમાનામાં જરૂરીઆત નથી; પરંતુ વર્તમાન સ્થિતિનું નિરક્ષણ કરી આપણે ભવિષ્યમાં કયા સ્થાન પર ઉભા રહી શકીએ તેને લગતુંજ

---

સૃષ્ટિ–કર્તૃત્વના સંબંધમાં આધુનિક વિજ્ઞાન શું કહે છે તે આપણે હવે જોઈએ. કુદરતમાં ભૌતિક પદાર્થ અને શકિતરૂપી બે પ્રધાન અંશો છેએવું વિજ્ઞાનનું સઘમંતવ્ય છે. ભૌતિક પદાર્થોમાં અભ્રરૂપ, વાયુરૂપ, પ્રવાહી અને ઘન એમ સર્વ પદાર્થોનો સમાવેશ થઇ જાય છે. શકિતમાં પ્રકાશ, ઉષ્ણુતા, વિદ્યુત્ , આકર્ષણુ શકિત, રસાયણિક કાર્ય આદિ શકિતઓ અંતર્ભૂત બને છે. ભૌતિક દ્રવ્ય અને શકિતના યથાયોગ્ય વિકાસથી સર્વ વસ્તુઓ તેમજ જીવનનો પ્રાદુર્ભાવ થાય છે એવા મતનો વિજ્ઞાને સ્વીકાર કરવા માંડ્યો છે. શકિત તેમજ ભૌતિક દ્રવ્ય એ બન્ને અવિનાશી છે. વળી એ બન્નેમાં વૃદ્ધિ કે ક્ષય અસંભવ્ય છે. જગત્માં પ્રવર્ત્તમાન શકિતથી પરમાણુઓમાંથી અણુ અને અણુઓમાંથી વિવિધ વસ્તુઓ ઉત્પન્ન થાય છે.

શકિતનું સ્વરૂપ શું છે એ વિજ્ઞાનની દૃષ્ટિએ ખાસ સમજવા જેવું છે. શકિતનાં સ્વરૂપના સંબંધમાં વિદ્વાનો વચ્ચે તીવ્ર મતભેદ પ્રવર્ત્તે છે. કેટલાક વિદ્વાનો શકિતને ભૌતિક પદાર્થનું સ્વરૂપ માને છે જયારે ઘણાને એ મત માન્ય નથી. ગમે તેમ હોય પણ શકિત કોઈ પદાર્થમાં તો હોવી જ જોઇએ એમ માનવું જ પડશે. આ રીતે વિચારતાં શકિત એ પદાર્થની કાર્યશકિત કે સ્વરૂપ છે એમ કહી શકાય. શરીર રહિત [અમૂર્ત્ત] અસ્તિત્વવાળી કોઇ વસ્તુ હોય એ સંભવ્ય નથી. પાશ્ચિમાત્ય વિદ્વાન મી. હેકલે, શકિતના સંબંધમાં મનનીય અભિપ્રાય વ્યકત કર્યો છે તે નીચે પ્રમાણે છે: ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અવલોકન કરવાનું છે. જૈન કોમની આર્થિક સ્થિતિ છેલ્લા દશ વર્ષોમાં ઘણી જ નબળી પડી ગએલ છે; એટલું જ નહિ પરંતુ સામાન્ય રીતે આપણે કેટલાક એવા પણ દાખલા જોઇ શકયા છીએ કે જેઓના જીવન પર્યંત જેને આપણે શ્રીમંત અને સુખી તેમ જ દાનેશ્વરી તરીકે જીવન ગુજારનાર તરીકે જોઇ શકયા હોઇએ છતાં તેમની હૈયાતી બાદ તેઓએ જીવન કેટલી બધી મુશ્કેલીઓ વચ્ચે પસાર કરેલું હોવું જોઈએ તેને લગતી હકીકતો આપણા અનુભવથી જોવામાં આવે છે. આ ઉપરાંત કેટલેક ઠેકાણે તો પોતાની ગમે તેવી સ્થિતિ હોવા છતા દંભનું સેવન કરનારાઓ પણ આપણી કોમમાં દૃષ્ટિગોચર થાય છે. આ અને બીજાં અનેક કારણો આપણી થતી જતી આર્થિક સ્થિતિના નબળાઇના દૃષ્ટાંતરૂપે છે. જૈન કોમનો મોટો ભાગ ગરિબાઇને લીધે પોતાનું જીવન ટૂંકું કરી રહ્યા છે; એટલુંજ નહિ પરંતુ પોતાનું જીવન ટકાવી રાખવા સારૂ ટૂંકી પુંજીથી સામાન્ય ધંધો કરી ગુજારો કરનારાની પરિસ્થિતિનો વિચાર કરીએ તો વેપારધંધાની હંમેશા થતી ઉથલપાથલો લીધે પોતાના ધંધારોજગારમાં પણ નિરાશા અનુભવી રહ્યા છે.

## જૈનોની દાનપ્રવૃતિ.

જૈન કોમમાં થતી દાનની પ્રવૃતિમાં ફેરફાર થવાની જરૂર છે. આપણી સખાવતની જુદા જુદા ક્ષેત્રમાં એવી રીતે વહેંચણી કરવામાં આવે છે કે તેનું જોઇએ તેવું ફળ આપણે જોઇ શકતા નથી એટલાજ માટે આપણી સખાવતો એવી રીતે સન્માર્ગે થવી ઘટે છે કે તેનું કાંઇ પણ કાર્યસાધક પરિણામ જોઇ શકીએ, કે જે હાલની અને ભવિષ્યની પ્રજા માટે તે ફળદાયી નીવડી શકે અને સેન્ટીમેન્ટલ દાનપ્રવૃતિમાં આપણા લાખો રૂપીઆના ફંડો બરબાદ થવા પામે નહિ. કોઇ કોઇ ઠેકાણે એવી પણ દાનપ્રવૃતિ જોવામાં આવે છે કે મોટી મોટી રકમો ધર્માદાને નામે ખાતા પાડી ચોપડામાં જમે કરી ગયા પછી તેનું વ્યાજ વધારતાં રહીને વરસો સુધી આવી દાનની રકમોનો મોટો આંકડો બતાવવાનો ઈરાદો રાખવામાં આવે છે, પણ તેથી કરીને જૈન કોમની હાલની પ્રજાની સંગીન સેવા બજાવવાનો સંતોષ આપણે કદી મેળવી શકીશું નહિ, તેટલા જ માટે દાનપ્રવૃતિમાં પણ સુધારો કરવાને ખાસ અવકાશ અને આવશ્યકતા છે.

## જૈનોની કેળવણી.

કેળવણીને અંગે ઘણે ઠેકાણે નવી ઉભી થએલ સંસ્થાઓ, બોર્ડીંગો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને વિદ્યાલયો છેલ્લા દશ વર્ષમાં હસ્તીમાં આવવા છતાં છેલ્લા વીસ વર્ષમાં જૈન કોમની કેળવણી પ્રત્યે થએલ પ્રગતિને લગતા આંકડાઓ તરફ અવલોકન કરતાં આપણને ખેદ સાથે જણાવવું પડે છે કે આપણે કેળવણીના ક્ષેત્રમાં કાંઇ પણ વિશેષ પ્રગતિ કરી શકયા નથી. કેળવણીને અંગે જૈન કોમના નેતાઓ અને કોન્ફરન્સ તથા એજ્યુકેશન બોર્ડના કાર્યવાહકોને જણાવવું જોઇએ કે કોન્ફરન્સની ઓફીસમાં બેસી સૂચનાઓ અને હુકમો મોકલ્યાથી હવે ચાલી શકશે નહિ. સુકૃતભંડાર ફંડની યોજનાને અમલમાં મૂકી, ગામડાઓમાં ફરી, સાચા સ્વરૂપે નિરીક્ષણ કરી જૈન કોમનું ગાડું સાચે રસ્તે હંકારાય એવી ચિંતા કોન્ફરન્સના કાર્યવાહકો કરશે તો જ કેળવણીમાં આગળ વધી શકીએ એમ મારૂં માનવું છે, કારણ કે જૈન કોમની છાસઠ ટકા જેટલી વસ્તી તો ગ્રામ્યજીવન ગુજારે છે અને તદ્દન અજ્ઞાનતા અને ગરીબાઇથી પોતાનું જીવન ગાળે છે. તેઓ પાસે કેળવણીમાં આગળ વધવાના સાધનો નથી તેમને કેળવણીનો ઉપદેશ આપનારાઓની પણ ખામી છે; એટલુંજ નહિ પણ તેથી ઉલટું જેવી સોબત તેવી અસર એ કહેવત પ્રમાણે સંસર્ગ પણ કેળવણીથી અજ્ઞાન એવા માણસોનો હોય છે કે જેઓને પોતાના ગ્રામ્યજીવન બહાર જાણે કે દુનીયામાં કઇ જાતની પ્રવૃતિ ચાલી રહેલ છે તે પણ જાણવાની અને તપાસવાની ભાગ્યેજ તક મળે છે; તેટલા જ માટે સુકૃતભંડાર ફંડની યોજનાની આવશ્યકતા સ્વીકારનારા, યોજકો, સેક્રેટરીઓ અને પ્રાંતિક કોન્ફરન્સના કાર્ય કરનારાઓ, શા માટે સુકૃતભંડાર ફંડની યોજનાને મોટા ભાગનો સહકાર થતો નથી તેના મૂળ કારણો શોધી કાઢી તેનો સદુપયોગ જૈન સમાજની આર્થિક અને સામાજિક તેમજ ધાર્મિક પ્રવૃતિ વધારે દ્દઢ થાય તેવા ઉપાયો શોધવામાં કરશે અને તેવી જાતની ભાવના ઉત્પન્ન થાય તેવી પ્રેરણા કરી, કેળવણી વિના જીવનનું ચારિત્રશીલ ઘડતર થવું મુશ્કેલ છે, એ જાતના આંદોલનો ફેરવવા માટે યોજના ઘડશે તો જ તેઓની પ્રવૃતિ ફતેહમંદ થએલી ગણાશે. અત્યાર સુધી આપણે કેળવણીમાં કેટલા બધા આગળ વધ્યા છીએ તે છેલ્લા વીસ વર્ષના સરકારી વસ્તીપત્રકના આંકડાઓ સાબિતી આપતાં હોવાથી જાહેર જૈન પ્રજાનું લક્ષ ખેંચવા માટે વિશેષ લખવાની જરૂરીઆત નથી. હરિફાઇની બીજી કોમોની સરખામણીમાં આપણે ઉભા રહેવું હોય તો કેળવણી લીધા વિના છૂટકો નથી. કેળવણીથી જ મનુષ્યને આધ્યાત્મિક, માનસિક અને શારીરિક સ્થિતિ સુધારવા માટે એક સાધન રૂપ છે; છતાં કેટલેક ઠેકાણે જોઇએ છીએ કે મનુષ્ય કેળવાએલ હોવા છતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આજનું સ્ત્રી શિક્ષણ.

મુનિશ્રી હિમાંશુવિજયજી ( ન્યાય કાવ્યતીર્થ )

**મ**નુષ્ય જન્મે છે ત્યારે તેને ઘણી બાબતોનું અજ્ઞાન હોય છે. તેની ઘણીખરી શક્તિઓ અવિકસિત દશામાં હોય છે. બ્રાહ્મણ કે ક્ષત્રિય, ભારતીય કે ઇતર દેશીય, જૈન કે જૈનેતર તમામ સામાન્ય પ્રાણીઓ જન્મ વખતે એક જ સરખા પ્રાયઃ હોય છે, પણ જેને ઉંચું શિક્ષણ મળે છે તે ક્રમે ક્રમે પ્રગતિ કરતો જાય છે. જો કે અક્ષરજ્ઞાન મેળવવું એટલું જ શિક્ષણ નથી, તેના અનેક પ્રકારો અને વિધવિધ ઉપાયો છે, પણ અહીં માત્ર અક્ષરજ્ઞાન શિક્ષણની વાત કરીશું.

**શિ**ક્ષણથી ઘણી બાબતોનું અજ્ઞાન ટળે છે, આત્મમાં છુપાઇ રહેલી શક્તિઓ વિકસે છે, આલોક અને પરલોકનો વિકાસ સધાય છે, યાવત્ ઇશ્વર સ્વરૂપી પણ શિક્ષણથી જ થવાય છે.

---

પોતાની સ્વાર્થરૂપી વાસનાઓ, તૃપ્ત કરવા જે અમૃત હતું તેને વિષની જગ્યાએ ઉપયોગમાં લીધું અને પરિણામે રોજ રોજ નવી પ્રાકૃતિક શોધો નીકળવા છતાં ઉપરના દેખાવની ઉન્નતિ જોવા છતાં જનતા અસંતોષી અને દુઃખી દેખાય છે અને આવી રીતે આત્માની અસંતોષકારક વૃતિ હોવાનું મુખ્ય કારણ એ છે કે જે ઉમરમાં ત્રણેની ખીલવટ થવી જોઇએ તે દરમીયાન જીવનનિર્વાહની ચિંતામાં પડતા શ્રેષ્ઠ અને સદાચારી જીવન ઘડવા માટે જે વખતે તૈયાર થવાની જરૂરીઆત છે તેમાં જ આપણાથી પછાત રહી જવાય છે એટલે જ કેળવાએલો વર્ગ જો કે તૈયાર થાય છે પણ ઉત્તમ આદર્શવાળા મનુષ્યો પેદા થઇ શકતા નથી. વ્યકિતઓ નિર્બલ છે, કુટુંબમાં સુખ હોતું નથી અને સંસાર ધગધગતા જવાળામૂખી જેવો બન્યો છે તે બધું અધુરી અને અર્ધદગ્ધ કેળવણીના પ્રભાવને આભારી છે. જૈન કોલેજ અને જૈન યુનંવર્સીટીની જરૂરીઆત સંબંધી વાતો કરવા પહેલા માધ્યમિક શિક્ષણ પણ પૂરતા પ્રમાણમાં જૈનો લઇ શકતા નથી અને પ્રાથમિક શિક્ષણ લીધા પછી નેવું ટકા જેટલી મોટી સંખ્યાના જૈન વિદ્યાર્થીઓ શિક્ષણ લેતા અટકી જાય છે તે તરફ ખાસ લક્ષ દેવાની જરૂરીઆત કેળવણીના કાર્યમાં રસ લેનારાઓ અને શ્રીમંતોએ સ્વીકારવાની જરૂરીઆત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શિક્ષણનું ફળ ઘણું વિશાળ અને રમણીય છે, તેના પ્રકારો અનેક છે, તેના સ્વરૂપનો ઉકેલ આણવો ઘણો અઘરો છે.

## શિક્ષણનું લક્ષણ.

મ્હારી નાનકડી મતિ પ્રમાણે તો શિક્ષણનું લક્ષણ 'કર્તવ્યનું જ્ઞાન અને પરતંત્રતાથી મુક્ત થવું તે છે.' હું ધારૂં છું કે આ લક્ષણમાં કોઇ વાંધો લઇ શકે તેમ નથી. પરતંત્રતાના ભેદો જુદી જુદી દૃષ્ટિએ અનેક પ્રકારના હોઇ શકે, તેમ તેના અનુકૂળ કે પ્રતિકૂળ કારણો પણ અનેકવિધ હોય; પરંતુ શિક્ષણથી બંધનમુક્ત થવાની લાયકાત તો આવવી જ જોઈએ, પછી ભલે કોઇ જાણી જોઇને પરતંત્રતાથી મુક્ત ન થાય, તે માટે ઉપાયો ન કરે, તે વાત જૂદી છે. **જે શિક્ષણથી કર્તવ્ય જ્ઞાન અને બંધનથી છૂટવાની લાયકાત નથી આવતી તે શિક્ષણ શિક્ષણ નથી, તે જ્ઞાન જ્ઞાન નથી, તે તો ફક્ત શરીર, મન અને સમયને બરબાદ કરનારો, ધનને નાશ કરનારો એક ભસ્મગ્રહ જ કહેવો જોઇએ.** સૂર્ય ઉગ્યા પછી પણ અંધારૂં ન મટે, અગ્નિથી ટાઢ ન ઓછી થાય અને શીતલ નીરથી શાંતિ ન મળે તો પછી ગજબ જ કહેવાયને !

## પ્રાચીનકાળનું શિક્ષણ.

શિક્ષણ સંબંધી ઉહાપોહ કરતાં આપણે પ્રાચીનકાળના શિક્ષણ તરફ દૃષ્ટિ તો જરૂર કરવી જોઇએ. **દરેક વસ્તુમાં પૂર્વના કાળની થોડીઘણી યોગ્ય મદદ જરૂર લેવી પડે છે, અથવા લેવી જોઇએ.** જૂના અને નવા બન્ને કાળના ગુણ–દોષોનો વિચાર કર્યા પછી જે યોજના ઘડાય છે તેમાં સંગીનતા અને સુંદરતા વધુ હોય છે એમ મ્હારૂં માનવું છે.

જેટલો જૂનો સૃષ્ટિનો ઇતિહાસ છે તેટલો જ જૂનો લગભગ શિક્ષણનો પણ છે. દરેક દેશ કે કાળમાં થોડાઘણા અંશે શિક્ષણની જરૂરત અવશ્ય પડે છે. ભારતમાં શિક્ષણની ઉત્પત્તિ અને પૂર્ણ વૃદ્ધિ ઘણા લાંબા કાળથી થએલી. હવે **મોહેંજોડેરો** અને હરપ્પાની શોધખોળોથી ઇતિહાસ પ્રમાણને જ સાચું માનનારા લોકો પણ છ હજાર વર્ષના જૂના કાળને ઇતિહાસકાળ માનવા લાગ્યા છે, કારણ કે તે બંને શહેરોનો અસ્તિત્વકાળ છ હજાર વર્ષ પહેલાનો છે. તે બન્ને શહેરોમાં અનેક મુદ્રા, સિક્કા અને બીજી અનેક એવી વસ્તુઓ મળી આવી છે કે જેથી ૬૦૦૦ વર્ષ પહેલાનું હિંદ શિક્ષણ અને કળામાં બીજા દેશો કરતાં મોખરે હતું એમ સિદ્ધ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૂના કાળમાં શિક્ષણનું કાર્ય મુખ્યત્વે બે જણ કરતા હતાઃ એક ત્યાગીઓ અને બીજા રાજાઓ.

## ગુરૂ–શિષ્યનો સંબંધ.

ત્યાગીઓમાં વૈદિક, જૈન અને બૌદ્ધોના ઋષિઓ, નિર્ગ્રંથો, ભિક્ષુઓ અને બ્રાહ્મણોનો સમાવેશ થાય છે. આ વર્ગ દેશકાળને લક્ષમાં લઈને શિક્ષણનો ક્રમ ગોઠવી, શિક્ષણ આપતો જેથી પ્રજા પોતપોતાના ગુણકર્માનુસારે કર્તવ્ય, જ્ઞાન અને સ્વતંત્રતા મેળવી મહાન્ વિજયી અને વિશ્રુત થતી. બહુ જૂના સમયમાં જાતિભેદનું જોર ન હતું. દરેક જાતિના સભ્યો ભેગા કરી આ ત્યાગીઓ વિદ્યાર્થીઓને અનેક વિષયનું ઉંડું અને દીપતું જ્ઞાન આપતા. વિદ્યાર્થીઓ પણ હૃદયના ઉંડાણથી ઉત્પન્ન થએલી જિજ્ઞાસા અને સેવાવૃત્તિથી ગુરુઓ પાસે જ્ઞાન મેળવી મનન અને નિદિધ્યાસન કરી તેને આચરણમાં મૂકવા તરફ વધારે ચીવટ રાખતાં. ગુરૂ–શિષ્ય બન્ને પોતપોતાની ફરજ ઉત્સાહપૂર્વક અદા કરતા. તે બન્ને વચ્ચે મીઠો સંબંધ જોડાતો.

## વિદ્યાપીઠોનો કાળ

બહુ જૂના કાળ પછી એટલે કે ભગવાન્ મહાવીર અને બુદ્ધના પછીનો ઇતિહાસ વિદ્યાપીઠોના ઇતિહાસથી ભરેલો છે. આ જમાનામાં સાધારણ નાના–મોટા આશ્રમો ઉપરાન્ત વ્યવસ્થિત અને મોટા પાયા ઉપર યોજાએલાં મહાન્ વિશ્વવિદ્યાલયો હતાં. તેની યોજના ઘડનાર બહુશ્રુત અને વિચારક પુરુષો હતા. તેમાં એક એક વિદ્યાપીઠમાં દશ–દશ હજાર સુધી છાત્રો અને પંદર સો સુધી અધ્યાપકો સરસ્વતી દેવીની પવિત્ર ઉપાસના કરતા. હિન્દના દૂર દૂર પ્રાંતોના જ નહિ, પણ **ચીન, જાપાન, જાવા, અફઘાનીસ્તાન અને કાબુલ જેવા દેશોથી** પણ અનેક વિદ્યાર્થીઓ ભારતના આ વિદ્યાપીઠોમાં અધ્યયન કરવાં આવતા, અને તેમાં ભણીને ગયા પછી પોતાનું મોટું ગૌરવ માનતા. **ચીની યાત્રી હુએનત્સંગ** અને **ઇત્સંગ** જેવા પણ આપણા આ વિદ્યાપીઠોમાં ભણવા રહ્યા હતા. આ વિદ્યાલયોની યોજના, તેની પદ્ધતિ, તેનો પાઠક્રમ, તેના વિષયો અને ફળો, ઓકસફર્ડ કે કેમ્બ્રીજ યુનિવર્સિટી કરતાં વધારે ઉન્નત અને સુંદર હતાં એમ કહેવામાં હું અતિશયોક્તિ જરા પણ કરતો નથી. તેવા મહાન્ વિદ્યાપીઠોમાં નાલંદા, તક્ષશિલા, વિક્રમશિલા, ધનકટક, મથુરા, ઉજ્જૈન, કાશી, જગદ્દલ મહાવિહાર, ઉદંતપુરી અને નવદ્વીપના વિદ્યાપીઠો ખાસ ઉલ્લેખનીય છે, જે જૂદા જૂદા પ્રાંતોમાં હતાં. આ આશ્રમો અને વિદ્યાલયોનો ખર્ચનો ઘણોખરો ભાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજાઓ અને બૌદ્ધ, જૈન અને વૈદિક ધનિક ગૃહસ્થો ઉપાડતા. શ્રીમાન્ **ગૌરીશંકર ઓઝાજીએ** એક વ્યાખ્યાનમાં કહ્યું છે કે: " **નાલંદા વિશ્વવિદ્યાલયના અધિકારમાં બસોથી વધારે ગામો હતા, જે અનેક રાજાઓએ દાનમાં આપ્યા હતાં** " ચીની યાત્રીઓના ઉલ્લેખોથી જણાય છે કે સાતમી સદીમાં પાંચ હજાર મઠો પણ ભારતમાં હતાં, જેમાં ૨૧૨૧૩૦ વિદ્યાર્થીઓ અધ્યયન કરતા હતા. સતરમી સદી સુધી, એકલા બંગાલમાં એંસી હજાર નાની-મોટી પાઠશાળાઓ હતી; પણ અંગ્રેજોએ ગ્રામ પંચાયત યોજના તોડી પાડ્યા પછી તેમાં ઘટાડો અને વિકાર થતો ગયો અને હજીય થતો જાય છે-જશે.

આ રીતે હિતૈષી વિચારક બહુશ્રુત ત્યાગીઓના હાથમાં જે વખતે શિક્ષણનું કાર્ય હતું, રાજા અને ધનાઢ્યોની જ્યારે દરેક રીતની જોઇતી સહાયતા હતી ત્યારે ભારત દેશ સાચો શિક્ષિત હતો, સુખી હતો અને બીજા દેશોમાં પંકાતો હતો. ત્યારે જ આપણે ત્યાં ઋષભ, રામ, કૃષ્ણ, મહાવીર, બુદ્ધ જેવા ધર્મોદ્ધારકો અવતરતા; ભીમ, અર્જુન, પ્રતાપ, શિવાજી, તેજપાલ જેવા વીરો પાકતા; ગૌતમ, કણાદ, સિદ્ધસેન, મલ્લવાદિ, હરિભદ્ર, વિદ્યાનંદિ, વાદિ દેવસૂરિ, ગંગેશોપાધ્યાય, રઘુનાથશિરોમણિ, પક્ષધર અને યશોવિજયજી જેવા ન્યાયના પારગામીઓ જન્મતા; કાલિદાસ, ભવભૂતિ, હેમચંદ્ર, શ્રીહર્ષ જેવા કવિઓ; ભરત અને રામચંદ્ર જેવા નાટ્યજ્ઞો તથા ચાણાક્ય જેવા રાજનીતિજ્ઞો અસ્તિત્વમાં આવતા. જુદી જુદી વિદ્યા અને કળાઓના આવિષ્કારો થતા, રાજા અને પ્રજા તરફથી તેવા વિદ્વાનોને મોટી સહાયતા મળતી, પ્રોત્સાહન મળતું, તેમની કીર્તિગાથાઓ ગવાતી, તેનું નિયમન કે વિઘ્ન નહોતું થતું, તેમની બુદ્ધિ કે શક્તિ કુંઠિત નહોતી કરાતી, તેમનાં ઓઝારો અને હસ્તાદિ અવયવોનો નિર્દયતાપૂર્વક નાશ નહોતો કરાતો. જે દેશમાં તમોગુણ-વાળા સ્વાર્થી અને વ્યાપારી રાજા હોય છે તે દેશનો ઉદ્ધાર કદી થાયજ નહિં. તે દેશમાં વિદ્યા કળા અને હુન્નર ઉદ્યોગની પ્રગતિ થઇ શકે જ નહિ, એ લખી રાખવું જોઇએ.

## સ્ત્રી શિક્ષણ.

પ્રાચીનકાળની શિક્ષા સંબંધી સર્વ સાધારણ ઘણું લખ્યા છતાં **સ્ત્રી-શિક્ષણ** સંબંધી કંઇક જુદું લખવું પણ જરૂરનું છે.

### પૂર્વકાલમાં શિક્ષિત સ્ત્રીઓ.

**જો** કે વેદના મંત્રોમાં સ્ત્રી અને શૂદ્રોને ભણાવવાનો નિષેધ કરવામાં આવ્યો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, પરન્તુ વેદોના કેટલાક મંત્રોથી પણ જણાય છે કે વેદકાળમાં પણ કેટલીક સ્ત્રીઓ વિદુષી હતી. **વૈદિકો સિવાય જૈનો અને બૌદ્ધો હમેશાં સ્ત્રી શિક્ષણના તરફેણમાં રહ્યા છે.** બહુ જૂના કાળમાં પણ **બ્રાહ્મી. સુંદરી જેવી અનેક સ્ત્રીઓ અઠંગ વિદુષીઓ હતી તેવા ઉલ્લેખો જૈન શાસ્ત્રોમાં મળે છે. શકુંતલા, સીતાદિને હિન્દુ નાટકો પણ શિક્ષિતા જણાવે છે.**

વેદકાળ પછી એટલે કે અઢી હજાર વર્ષના વચલા ગાળાની અંદર વૈદિક, જૈન અને બૌદ્ધોમાં અનેક સ્ત્રીઓ જુદા જુદા વિષયની પારંગત હતી તે વાતને કાળિદાસ, ભવભૂતિ અને બાણ વિગેરે કવિઓ ઉલ્લેખે છે. તિલક–મંજરી, પાઇઅલચ્છીનામમાળા, પરિશિષ્ટ પર્વ, અંજણાસુંદરી ચરિયં જેવા અનેક પુસ્તકોથી પણ તે વાત પૂરવાર થાય છે. છેલ્લા અઢી હજાર વર્ષના ઇતિહાસકાળમાં થએલી વિદુષીઓ પૈકી કેટલીક આ છેઃ–

## વિદુષી સ્ત્રીઓ.

વિજ્જકા, સુભદ્રા, સુલસા, વિકટનિતંબા, યક્ષા, યાકિનીમહત્તરા, ગુણ-મહત્તરા, અવન્તિસુંદરી, તિલકમંજરી, સુંદરી, રાજિમતિ, મંડનમિશ્રની સ્ત્રી, લીલાવતી, ઇન્દુલેખા, મદાલસા, મારૂલા, મોરિકા, શીલા, અનૂપા વિગેરે.

પહેલાં સ્ત્રીઓમાં સ્ત્રીઓને યોગ્ય શિક્ષણ અપાતું. કાવ્ય, સંગીત, શીલ, આરોગ્ય, પતિભક્તિ, વિગેરે ઉપર ખાસ ભાર મૂકાતો જેથી સ્ત્રીઓ દેવીઓ થતી. પોતાનાં સંતાનોને પણ સાચાં દેવદેવીઓ બનાવી ધર્મ અને દેશની સેવા કરતી.

## વર્તમાન શિક્ષા.

વર્તમાન શિક્ષા કેવી છે? તે વિષે વધુ લખવાની જરૂરજ નથી. આપણે બધા વર્તમાન શિક્ષા અને તેનાં ફળો નજરે જોઇએ છીએ. વર્તમાન શિક્ષણની દોરી અત્યારે રાજસત્તાનાં હાથમાં છે. રાજસત્તા જ રજો તમોગુણવાળી હોય છે. લગભગ દોઢસો વર્ષમાં આપણે ફક્ત અક્ષર જ્ઞાન મેળવી આપણી બુદ્ધિ બગાડી છે, ધર્મને ખોયો છે, નીતિ અને સદાચાર ઓછાં કર્યાં છે, આરોગ્ય અને ધનમાં મોટી હાની પહોંચાડી છે એમ મને લાગે છે.

## વર્તમાન શિક્ષણનું ફળ.

‘ ગંગા ’ નામના હિન્દી માસિકમાં “ શિક્ષા ઔર પરીક્ષા ” નામના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મ્હારા લેખમાં મેં એક ઠેકાણે લખ્યું છે કે " રાતદિવસ મહેનત અને શરીરને નષ્ટ કરવા છતાં આંખો અને માનસિક શક્તિઓ કુંઠત કરવા છતાં, મોટો ધન વ્યયથવા છતાં વિદ્યાર્થીઓને ( વર્તમાનિક ) શિક્ષણનું પરિણામ દુઃખ, દરિદ્રતા, રોગ અને અશાંતિમાં મળે છે. "

અનેક વર્ષો ભણ્યા પછી અનેક પદવીઓ મેળવ્યા પછી પણ આપણને કર્તવ્ય જ્ઞાન અને સ્વતંત્રતાની પ્રાપ્તિ થતી નથી એ શિક્ષણ શિક્ષણ કહેવાય ખરૂં?

આવી પરિસ્થિતિમાં એકલો રાજ્યનો જ દોષ છે એમ પણ માનવા હું તૈયાર નથી. થોડોઘણો પ્રજાનો પણ દોષ છે કે જે ભાન ભૂલીને વિપરીત શિક્ષા લે છે, વ્યસનોથી કમજોર બને છે, પાપને નોતરે છે.

## સ્ત્રીઓની યોગ્યતા.

સાચા શિક્ષણથી પુરુષ દેવ બને છે તો સ્ત્રી દેવી બને છે. સ્ત્રીઓનું હાર્દ કોમળ અને પવિત્ર હોવાથી પુરૂષો કરતાં પણ સ્ત્રીઓ ઉપર શિક્ષણની અસર ઘણી વધારે પડી શકે છે. **સ્ત્રી-શિક્ષાનો સાચો ઉદ્દેશ તો તેઓમાં સાચું માતૃત્વ અને ગૃહિણીત્વ આવે એ જ હોવો જોઇએ.** જગતના ઉદ્ધારની જવાબદારી સ્ત્રીઓ ઉપર વધુ છે. સ્ત્રીઓ સાચી શિક્ષિતા હોય તો જ જગતનો ઉદ્ધાર કરી શકે, પુરૂષોને પણ ઠેકાણે લાવી શકે. તેમને કોમળતા, મધુરતા વિગેરે દૈવિક ગુણો કુદરતી બક્ષીસથી મળ્યા છે. તે પતિને કે પુત્રને, પિતાને કે સસરાને, નોકરને કે રાજાને, ગુરુને કે અવતારી પુરૂષને પણ પોતાના ગુણોથી સમજાવી શકે છે, કોમળ બનાવી શકે છે. પુરૂષ કરતાં સ્ત્રીના ઉપદેશની અસર ઘણી વધારે થાય છે. એટલે પુરૂષો કરતાં સ્ત્રીઓને વધારે સાવચેતીથી શિક્ષણ આપવાની જરૂર છે. સ્ત્રી શિક્ષિતા હોય તો આખું આલમ સહેલાઈથી સાચું શિક્ષણ મેળવી શકશે; એટલા માટે જ તો નેપોલીયન બોનાપાર્ટે કહ્યું છે કેઃ–દેશને આબાદ કરવા સહુ પહેલાં માતાઓને જ્ઞાન આપવું.

## વર્તમાન સ્ત્રીશિક્ષણ.

ગમે તેવી સારી વસ્તુનો ઉલ્ટી રીતે ઉપયોગ કરવાથી તેનું પરિણામ પણ ઉલ્ટું જ આવે છે; એ હિસાબે શિક્ષણ ગમે તેવું સારૂં છે પણ તે ઉલ્ટી પદ્ધતિએ લેવાથી મહાન્ ભયંકર થાય છે. ધર્મ, દેશસમાજ અને આત્માની ઉન્નતિને બદલે અવનતિ કરનારૂં થાય છે. વિપરીત શિક્ષણ લેનાર કરતાં અશિક્ષિત વધારે સારો હોય છે. તે સરલ અને પવિત્ર હોય છે એમ મને લાગે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્તમાનનું લગભગ ઘણુંખરૂં શિક્ષણ રાજસત્તાના હાથમાં છે. તેની દૃષ્ટિ હિન્દુસ્તાન માટે જુદા પ્રકારની છે, એટલે તે શિક્ષણદ્વારા પોતાની દૃષ્ટિએ વર્તમાનની સ્કૂલો અને કોલેજોમાં પોતાના ઉદ્દેશ્યની પૂર્તિ કરે છે એમ વિચારક શિષ્ટ પુરૂષોને કેટલાક વર્ષોથી જણાયું છે. સ્ત્રીઓના હૃદય કોમળ અને કમજોર હોવાથી પુરૂષો કરતાં તેઓ ઉપર વર્તમાન ખરાબ શિક્ષણની અસર વધારે ખરાબ પડે છે. તેમના સંસ્કારો જલ્દી બગડે છે, તે આપણે જોઇ રહ્યા છીએ.

આપણે છાપાદ્વારા કે બીજી રીતે જાણી ખુશી થઇએ છીએ કે " વર્તમાનમાં સ્ત્રીઓ ઉચું ( હાઇસ્કૂલો અને યુનિવર્સિટિઓનું ) શિક્ષણ લેવા માંડી છે એટલે દેશનો ઉદ્ધાર જલ્દી થશે. ભારતમાં સાચી દેવીઓ થશે. " પણ મને માફ કરવામાં આવે તો હું કહીશ કે આપણી આ આશા મૃગતૃષ્ણિકા જેવી છે. આધુનિક શિક્ષણથી પુરૂષ કરતાં સ્ત્રીઓમાં વધારે અનારોગ્ય, દારિદ્રય, વિલાસીપણું અને અશાન્તિ આવે છે. તેમના જીવન ઉપર જે સદાચાર ને ધાર્મિક ભાવવાની અસર પડવી જોઇએ તેના કરતાં ઉલ્ટી અનિષ્ટ અસર પડે છે. તેમનામાં શિક્ષણથી માતૃત્વનો વિકાસ, પતિભક્તિ, લજ્જાળુતા, અને બીજા સારા ગુણોના સંસ્કારો પડવા જોઇએ તે નથી પડતા.

આપણે જોઇએ છીએ કે મુંબઈ, સુરત, વડોદરા, અમદાવાદ જેવા અનેક શહેરોમાં વર્તમાનિક શિક્ષણથી સ્ત્રીઓ ઉપર કેવી અસર પડે છે ? આ શિક્ષણથી ઘણીખરી સ્ત્રીઓ વિલાસી, આળસુ, નિર્લજ અને અસહિષ્ણુ નથી થતી શું ? તેમનામાં અનિચ્છનીય સ્વછંદતા નથી આવતી શું ? તેમનો અનાવશ્યકીય ખર્ચનો ભાર દેશને માટે ગરીબાઇ વધારનાર નથી થતો શું ? વર્તમાન શિક્ષણથી અમારી બહેનો પિતા કે પતિ માટે પણ ભારભૂત નથી થતી શું ?

## પદ્ધતિ ફેરવવી જોઇએ.

કોલેજો, અને હાઇસ્કૂલોમાં એમ. એ. સુધીનો કોર્સ પુરૂષો અને સ્ત્રીઓને માટે એક સરખો હોય છે તેમાં પરિવર્તન કરવાની જરૂર છે. અમારી ભારતીય સ્ત્રીઓને માટે ભૂમિતિ, ભૂગોળ, ગણિત અને એવા બીજા નકામા વિષયો કરતાં તેઓને માટે સંગીત કળા, સીવવા–ગુંથવા–ભરવાની કળા, સંતતિશાસ્ત્ર, આરોગ્યશાસ્ત્ર, પુત્રપાલન કળા વિગેરે વિષયો ઘણા જરૂરના અને હિતકારી છે. આ વિષયોનું જ્ઞાન સ્ત્રીઓને પહેલાં આપવાની આવશ્યકતા છે. હું પહેલાં લખી ગયો છું તેમ સ્ત્રી શિક્ષાનો મુખ્ય ઉદેશ માતૃત્વ અને ગૃહિણીનો વિકાસ હોવો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોઇએ. તેમનું મુખ્ય સ્થાન આ જ છે. તેમનામાં ભલે ફ્રાન્સની સ્ત્રીઓ જેવી વિલાસિતા કે સ્વચ્છન્દતા ન આવે, પુરૂષો સાથે ફુટબોલ કે હોકી રમવાની શકિત ન આવે; પણ ઉપરના ગુણો આવે તો તેમની શિક્ષા ફળવતી થાય. જે સ્ત્રી પતિની ભક્તા નથી, પુત્રની પ્રેમપૂર્વક પાલિકા નથી, સદાચારી નથી, વિનમ્રા નથી, ધર્મનિષ્ઠા નથી, તે સાચી શિક્ષિતા કેમ કહેવાય ?

વર્તમાન શિક્ષા દૂષિત હોવાથી આપણે કમનસીબે કૌશલ્યા, મરૂદેવી, ત્રિશલા, માયાદેવી, લક્ષ્મી અને દુર્ગાદેવી જેવી સાચી સ્ત્રીઓ જોઇ શકતા નથી, છતાં ખુશીની વાત એ છે કે આ દુષિત શિક્ષામાં પણ પોતાની જવાબદારી સમજી કેટલીક સ્ત્રીઓ ધર્મ, દેશ અને સમાજની મહાન્ સેવિકાઓ થઇ છે, પોતાના આચારને વધારે પવિત્ર બનાવનારી વિદુષી અને લેખિકાઓ નીકળી છે, પણ તે અપવાદ સમાન છે; કેમકે તેમની સંખ્યા બહુ જ ઓછી છે.

વર્તમાન શિક્ષાથી ઘૃણા થવાથી આર્યસમાજીઓ અને કેટલાક દક્ષિણીઓએ સ્ત્રીઓને સાચી શિક્ષા મળે, તેમનામાં પવિત્રતા આવે તે માટે કેટલાક પ્રયત્નો આદર્યા છે. પ્રાચીન અને નવીન સુધારાઓને એક સાથે મેળવી સ્ત્રીઓ માટે આદર્શ ગુરૂકુલો, સ્કૂલો અને વિદ્યાપીઠોની યોજના થઈ છે એ એક સદ્ભાગ્યની નિશાની છે.

સરકારી સ્કૂલો અને યુનિવર્સિટીઓમાં સ્ત્રીઓને માટે તેમને ઉપયોગી અભ્યાયક્રમ બને, સ્ત્રીઓ માટે સ્વતંત્ર કોલેજો ખુલે અને તેમના સ્વભાવ તથા ભારતીય રિવાજો પ્રમાણે બધો જુદો બંદોબસ્ત થાય એ માટે ભારતની સ્ત્રીઓએ અને નેતાઓએ હિલચાલ જરૂર ચલાવવી જોઇએ.

લાંબાકાળથી આપણો દેશ સ્ત્રી–શિક્ષા તરફ બેદરકાર રહ્યો છે, પણ તે હવે ચાલે તેમ નથી. આપણે સ્ત્રી–શિક્ષા તરફ વધારે લક્ષ આપવું ઘટે. હું તો સ્ત્રી–શિક્ષાનો પક્ષપાતી છું. તેમનામાં સાચી શિક્ષાનું સારૂં જ ફળ આવવાનું, માટે આપણે સ્ત્રીઓને યોગ્ય સાચી શિક્ષાનાં સાધનો ઉભાં કરવાં જ જોઇએ. જો રાજ્ય તેમાં પૂરો સહયોગ આપે તો ભારતદેશ કેટલો આગળ વધે? તે દિવસ જલ્દી આવો કે આપણા દેશના બધાં સ્ત્રી–પુરૂષો શિક્ષિત બને. મનુષ્ય લોક સ્વર્ગલોક બને ! ! !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારી પૂર્વદેશની યાત્રા.

( ઐતિહાસિક દૃષ્ટિએ. )

( ગતાંક પૃષ્ઠ ૧૧૯ થી શરૂ. )

## દિલ્હીથી વિહાર કરી મેરઠ થઇ હસ્તિનાપુરજી તીર્થ ગયા.

દિલ્હીથી હસ્તિનાપુર જતાં વચમાં મેરઠ અને મવાના બે જ સ્થાને જૈનોનાં ઘર આવે છે, પરન્તુ હમણાં નવા થયેલા જૈનોવાળા ગામોમાં થઈને સાધુઓ વિહાર કરે તો તો રસ્તામાં બધેય જૈન વસ્તી મળે તેમ છે.

### હસ્તિનાપુર.

બહુ જ પ્રાચીન નગરી છે. ઇતિહાસના આદિયુગમાં આ નગરી પૂર્ણ જાહોજલાલીમાં આપણી સન્મુખ આવે છે. શ્રીઆદિનાથ પ્રભુએ વિનીતાના ઉદ્યાનમાં ચાર હજાર રાજાઓ–રાજપુત્રો સહિત દીક્ષા લીધી અને વિહાર કર્યો, પરન્તુ સાથેના નૂતન સાધુઓમાંથી કોઈ આહારવિધિ નહોતા જાણતા. તે સમયની પ્રજા પણ સાધુને આહારદાન દેવાની વિધિ–પદ્ધતિથી તદ્દન અજાણ હતી. પ્રભુ તો કેવળજ્ઞાન થાય ત્યાં સુધી મૌન જ રહેવાના છે. ભિક્ષાને માટે સ્થાને સ્થાને જાય છે અને ભિક્ષામાં આહારને બદલે હીરા, માણેક, સોનું, રૂપું આદિ મળે છે; પરન્તુ નિઃસ્પૃહી પ્રભુ તેમાંનું કાંઈપણ સ્વીકારતા નથી. એક વર્ષથી ઉપર સમય થઈ ગયો છે. પ્રભુ વિચરતા વિચરતા હસ્તિનાપુર આવે છે. અહીં હસ્તિનાપુરમાં શ્રેયાંસકુમારને, રાજાને અને નગરશેઠને સ્વપ્ન આવે છે. પ્રભુ નગરમાં પધાર્યા. આહાર માટે ફરે છે ત્યાં શ્રેયાંસકુમારે પ્રભુને જોયા–દર્શન કર્યાં અને તેમને જાતિસ્મરણજ્ઞાન થયું. પ્રભુને ઓળખી પૂર્વ ભવનો સંબંધ જાણી, શુદ્ધ નિર્મલ ઇક્ષુરસનો આહાર વહોરાવે છે અને ત્યારથી ભરતખંડમાં **અક્ષય તૃતીયાનું પર્વ શરૂ થયું** છે. એ જ આ નગરી છે કે જ્યાં ઋષભદેવ પ્રભુનું પ્રથમ પારણું થયું હતું.

બાદમાં વર્તમાન ચોવીશીના પાંચમા ચક્રવર્તી અને ૧૬ મા તીર્થંકર **શ્રી શાંતિનાથ ભગવાન,** છઠ્ઠા ચક્રવર્તી અને ૧૭ મા તીર્થંકર શ્રી **કુંથુનાથજી** અને સાતમા ચક્રવર્તી અને અઢારમા તીર્થંકર **શ્રી અરનાથજી** આ ત્રણ તીર્થંકર અને ચક્રવર્તિનાં ચ્યવન, જન્મ, દીક્ષા અને કેવલજ્ઞાન એમ બાર કલ્યાણક થયાં છે. ચોથા શ્રી સનત્કુમાર ચક્રવર્તી પણ અહીં જ થયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. આ સમયે આ નગરીનો પ્રતાપ મધ્યાહ્નના સૂર્યની માફક તપી રહ્યો હતો. છ ખંડમાં આ નગરીની યશગાથા ગવાતી હતી. છ ખંડની રાજ્યલક્ષ્મી અહીં રમતી હતી. ચાર ચાર ચક્રવર્તીઓની રાજધાનીનું અનુપમ માન મેળવનાર એ ગૌરવશાલી મહાન્ નગરીનું નામનિશાન પણ કાલના ગર્તમાં સમાઈ ગયું છે. ચોતરફ ગાઢ જંગલ અને વચમાં માત્ર જિનમંદિરો છે, આજ આ નગરી માનવજાતિને સહસ્ર મુખે પોકારી પોકારીને જાણે ઉપદેશ દેતી હોય કે હે માનવ! ચેત! ચેત!! ચેત!!! મારો પૂર્વનો ભવ્ય ઈતિહાસ, ઉત્થાન અને ઉદય જો અને વર્તમાનનો મારો કરૂણ ઇતિહાસ, વિનાશ અને પતન–અસ્તજો, તે નિહાળીને કાંઇક શીખી લે. આજ તો માનવોનાં ટોળાંને બદલે વાંદરાંનાં ટોળે ટોળાં દોડાદોડ કરે છે–ધમાચકડી મચાવે છે. સિંહ, વાઘ અને શિયાળીયાં ખેલે છે. જંગલી પશુ–પક્ષીઓનું આરામ ધામ છે. કોઇ રડ્યોખડ્યો યાત્રુ અને ગામડીયાઓ ઢોર ચરાવવા આવે છે તેમજ ગામડામાં જતો કોઇક ભલો મણુસ દ્રષ્ટિગોચર થાય છે.

આ પછી પાંડવ અને કૌરવોના સમયમાં પણ આ નગરીનો રસપ્રદ સુંદર જીવંત ઇતિહાસ મળે છે. જૈન પ્રાચીન ગ્રંથો અને મહાભારતમાં આ નગરનું મનોહર વર્ણન મળે છે, પરન્તુ જે મહાભારત યુદ્ધ મંડાયું અને માનવ જાતિના સંહારનો જે ભીષણ યજ્ઞકાંડ મંડાયો ત્યારથી આ નગરીનું પતન થાય છે. યદ્યપિ આ પછી પણ ઘણા સમય સુધી ભારતની રાજધાનીનું અનુપમ માન પ્રાપ્ત થયું છે. પછી ત્યાંથી દૂર હટતાં હટતાં ઈન્દ્રપ્રસ્થ અને દિલ્હી રાજધાની જાય છે. ધીમે ધીમે તેનો હ્રાસ થતો જાય છે. છેલ્લે મોગલાઈમાં યુદ્ધભૂમિ બને છે અને હાલમાં માત્ર ભયંકર અરણ્ય–જંગલરૂપે નજરે પડે છે.

અત્યારે અહીં બે વિશાલ સુંદર જિનમંદિરો છે. એક શ્વેતાંબરી અને બીજું દિગંબરી. આ સિવાય ત્રણ નિસિહી અને એક આદિનાથ ટુંક–ટોંક છે. આદિનાથ ટુંકનું સ્થાન ઋષભદેવ ભગવાનને પ્રથમ પારણાનું સ્થાન કહેવાય છે, ત્યાં સુંદર સ્તૂપ અને પાદુકા છે તેમજ તેની પાસે જ શ્રી શાંતિનાથ, કુંથુનાથ અને શ્રી અરનાથ ભગવાનની પાદુકા છે. આ સ્થાનનો કબજો અને વહીવટ શ્વેતાંબર તીર્થરક્ષક કમેટી ( પંજાબ ) કરે છે. બાકીની ત્રણે નિસિહીઓમાં બન્ને સંપ્રદાયનો જૈનો બિના ભેદભાવે જાય છે. અહીં પ્રાચીન પાદુકાઓ પણ હતી. વ્યવસ્થા–વહીવટ પણ બન્ને સંપ્રદાયના મળીને કરતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરન્તુ વર્તમાન વ્યવસ્થાપકોએ જીર્ણ પાદુકાઓ ઉખેડી નાંખી માત્ર સ્વસ્તિક જ રાખ્યા છે; તેના ઉપર લાંબા–ચોડા પોતાના લેખો પણ લગાવી દીધા છે. અત્યારના દિગંબર મંદિરમાં પહેલાં તો શ્વેતાંબર સંઘ અને દિગંબર જૈનો બન્ને વિના ભેદભાવે દર્શન પૂજન કરતા હતા; ત્યાં જ ઉતરતા અને રહેતા હતા ( ત્યાંની ધર્મશાળામાં ) કિન્તુ વર્તમાન કલહના યુગમાં દિગંબરોએ પરાક્રમ(!)પૂર્વક શ્વેતાંબર પ્રતિમાજી દૂર હટાવી દીધાં છે–કાઢી નાંખ્યા છે.

શ્વેતાંબર મંદિરની ચોતરફ વિશાલ શ્વેતાંબર ધર્મશાળા છે. પહેલાં અહીં એક બ્રહ્મચર્યાશ્રમ ચાલતું હતું પરન્તુ આરંભશૂરાજૈનોએ ટૂંક સમય ચલાવ્યા પછી તે સંસ્થા બંધ પડી છે. હવે પુનઃ અનાથાશ્રમની વાત ચાલે છે. આ તીર્થની વ્યવસ્થા શ્વેતાંબર તીર્થરક્ષક કમીટી પંજાબના તાબામાં આવ્યા પછી બહુજ સારી છે–ઉન્નતિ સારી થઇ છે. શ્વેતાંબર શ્રીસંઘ ખુશી થશે, કે કમીટી કેવું સરસ કામ કરે છે. આમાંથી અન્ય તીર્થવાળાઓએ ખાસ શીખવા જેવું છે. કાર્યવાહકો સારા વ્યવસ્થાપક અને ભક્તિવાળા છે. યદ્યપિ દિગંબર મંદિર કરતાં શ્વેતાંબર મંદિર પાછળ બન્યું છે, પરન્તુ મૂર્તિ પ્રાચીન શ્વેતાંબર મંદિરમાં છે. જગદ્‌ગુરૂ આચાર્ય શ્રી હીરવિજય સૂરિજી શિષ્ય મહોપાધ્યાય શ્રી શાંતિચંદ્ર ગણિની પ્રતિષ્ઠિત છે. ૧૬૪૬ માં જેઠ શુદ ૯ મે અકમીપુર [1] માં પ્રતિષ્ઠા કરાવેલ છે. મૂલનાયકની ડાબી બાજુની પણ વિજયસેનસૂરિજી શિષ્યે ૧૬૮૨ માં પ્રતિષ્ઠિત છે. આવી રીતે પ્રાચીન મૂર્તિઓ છે અને અર્વાચીન ૧૯૮૩ ની આચાર્યશ્રી વિજયવલ્લભસુરિજી પ્રતિષ્ઠિત મૂર્તિઓ છે. ધાતુ પ્રતિમાઓ ચૌદસો અને પંદરશેંહની સાલની છે. બધાના શિલાલેખો લીધા છે જે અમારા પ્રાચીન લેખ સંગ્રહમાં છપાશે. દિગંબર મંદિરમાં પ્રાચીન મૂર્તિ નથી. એક તો ૨૪૩૩ ની છે. મને લાગે છે કે અહિ પહેલાં પ્રાચીન મૂર્તિ શ્વેતાંબરીય હશે, પરંતુ વર્તમાનના કલહયુગમાં તે કેમ રાખી શકાય. (?)

( ચાલુ )

૧ આ અકમીપુર તે બીજું કોઇ નહિ પરન્તુ **જૈન**પુરી–રાજનગર–અમદાવાદ છે. હીરસૌભાગ્ય સર્ગ ૧૧ શ્લોક ૨૨ માં ટીકાકારે અહમદાવાદનું નામ **અકમીપુર** આપ્યું છે. આવી જ રીતે શ્લોક ૫૧–૫૨ ની ટીકામાં પણ ખુલાસો છે. આજ સર્ગનો ૧૧૪ શ્લોક માં. **अकमिपुर समीपं** છેલ્લું પદ્ય છે. ટીકાકારે **अकमिपुर समीप महम्मदाबादनगरपार्श्वं** ખુલાસો કરેલ છે. અર્થાત્ જૈનપુર–અહમદાવાદમાં શ્રી શાંતિચંદ્રજી ઉપાધ્યાયે પ્રતિષ્ઠાપીત મૂર્તિ અહીં આવેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર.

## અમદાવાદથી શ્રી શત્રુંજય અને ગિરનારજી તીર્થોએ નીકળેલો સંઘ.

ગયા માગશર વદિ ૧૦ ના રોજ શેઠ શ્રી **મનસુખભાઇ** ભગુભાઇના સુપુત્ર શેઠ **માણેકલાલભાઇ** મનસુખભાઇએ ઉપરોક્ત તીર્થોનો છ–રી પાળતો સંઘ કાઢ્યો છે. અમારે કહેવું જોઇએ કે જાણવા પ્રમાણે સો–( ૧૦૦ ) વર્ષમાં આવો ભવ્ય, સેંકડો સાધુ–સાધ્વી મહારાજો, હજારોની સંખ્યામાં યાત્રાળુ ભાઇ–બ્હેનો, આટલી ચ્યાસત અને આટલો દબદબાભર્યો સંઘ કોઇ ગૃહસ્થ તરફથી નીકળ્યો સાંભળ્યો નથી. સંઘપતિની ભાવના, ઉદારતા અને ઉત્સાહ સારો હોવાથી રસ્તામાં આવતાં શહેર યા ગામોને પણ જુદા જુદા ખાતાઓમાં લાભ થશે. આ સંઘ નીકળતા પહેલાં અને દરમ્યાન અનેક પેપરોએ અનેક જાતની ટીકાઓ કરી છે; જો કે દરેક પોતપોતાના વિચારો બતાવી શકે છે, પરંતુ અમારે કહેવું જોઇએ કે કોઇ પણ મનુષ્ય પોતાને પ્રિય લાગે તે ધર્મનું કોઇ પણ કાર્ય કરતો હોય તેની વચ્ચે આવવાનો કોઇને અધિકાર નથી, છતાં તેવા ધાર્મિક કાર્ય માટે નિષેધક શૈલીથી ટીકા કરવાને બદલે પ્રતિપાદન શૈલીથી કાંઇ પણ લખવું, ટીકા કરવી કે, સૂચના કરવી તે અમોને યોગ્ય લાગે છે અને તેમ નહિં થવાથી જ ભૂતકાળના ધર્મ-વિષયક કેટલાએક ઝગડાઓ હજી સુધી ચાલ્યા આવે છે. એક મનુષ્યને સાત ક્ષેત્ર પૈકી કોઇ પણ ક્ષેત્ર ઉપર પ્રેમ હોય, તેની તે માટે સેવા કરે, પોષણ કરે તે માટે ઉદારતાથી ખર્ચ કરે, અથવા કોઇ પણ ધર્મનું કાર્ય દેવભક્તિ, જ્ઞાનોદ્ધાર, કેળવણીને ઉત્તેજન, સ્વામીવાત્સલ્ય, જીર્ણોદ્ધાર કે બેકારી ટાળવાના ઉપાયમાંથી કોઇ પણ એક કાર્ય કે જેની ઉપર તેને પ્રેમ હોય તે કરે અને જમાનાને જોઇતું કાર્ય જો કે જરૂર તો તેવી જ હોય છતાં ન કરે તો તેનો નિષેધ કરવો કે તેના માટે ગમે તે લખવું તે અમો યોગ્ય માનતા નથી. જે મનુષ્યને જે ધર્મક્રિયા ઉપર પ્રેમ હોય, અપૂર્વ શ્રદ્ધા હોય, તેમાં ઉદારતા અને શ્રદ્ધાથી પૈસા ખરચે તો ખરેખર તે આત્મકલ્યાણ સાધી જાય છે. આવા શ્રીમંત માણસો આ ઉત્તમ કાર્ય માટે લાખો રૂપીયા ઉદારતાથી જ્યારે ખરચે છે ત્યારે તેને નમ્રભાવે સુચના, ટીકા કરવાથી અથવા જેના ઉપર શ્રદ્ધા હોય તેવા ધર્મગુરૂઓના ઉપદેશથી કે વિશ્વાસુ લાગતાવળગતા સ્નેહીઓની સૂચનાથી તેવા શ્રીમંત પુરૂષો જમાનાને અનુસરતી, સમાજને જોઇતી આવસ્યક્તા પણ પૂરી પાડી શકે એમ અમારૂં માનવું છે. અને હજી પણ અમે કહેવા માંગીયે છીયે કે હાલમાં રેલ્વે ટ્રેઇનમાં નીકળતા સંઘ કરતાં છ–રી પાળતો સંઘ નીકળતા રસ્તામાં આવતા અનેક શહેર–ગામડા વગેરેના ઉપર તેથી, તેમજ ઉપદેશદ્વારા ત્યાંના સમાજની શ્રદ્ધા વધે છે તેમજ જુદા જુદા ધાર્મિકખાતાઓને પણ અવસ્ય પોષણ મળે છે તેટલું જ નહિં પરંતુ નાના ગામોની અત્યારે શું સ્થિતિ છે તેનું પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાન સંઘવીજી, ધર્મગુરૂઓ અને બુદ્ધિમાન પુરૂષોને થતાં કદાચ તેના ઉદ્ધારનો પણ ખ્યાલ આવ્યા સિવાય ન રહે! અમો આ અપૂર્વ કાર્યની અનુમોદના કરતાં શેઠ શ્રી માણેકલાલભાઇને આ માંગલિક પ્રસંગે નીચે પ્રમાણે નમ્ર સૂચના કરવાની રજા લઇએ છીયે કે આપના સંઘનું જે જે ગામોમાં પ્રયાણ થાય ત્યાં પૂર્વકાળના સંઘવીઓનું અનુકરણ કરી તે ગામલોકોના દુઃખો દૂર કરી, જરૂરીયાત ચોક્સ પૂરી પાડશો અને આ શુભ કાર્યમાં નિવૃત્ત થતાં આપના તરફથી ચાલતી સ્કુલને હાઇસ્કુલ કે કોલેજના રૂપમાં ફેરવી નાંખશો. આપના ગુજરાત જીલ્લાના જે જે ગામ કેળવણીમાં પછાત હોય ત્યાં ત્યાં કેળવણીના પ્રચાર અર્થે કેળવણીની શાળાઓ ખોલી જમાનાની જરૂરીયાત પુરી પાડશો. વળી આપની જે જે મીલો છે તે તે મીલોમાં હવે પછી બેકાર કે નિરાધાર જૈન બંધુઓને મ્હોટી સંખ્યામાં દાખલ કરી અનેક કુટુંબના નિર્વાહ માટે જીવનદાતા બનશો. આપના શહેરમાં જૈનેતર બીજા ઉદાર ગૃહસ્થોએ ભૂતકાળમાં અનેક સાર્વજનિક કાર્યો કરી જેમ અમર નામ રાખ્યા છે, તે તરફ દૃષ્ટિ કરી આપે આ કાઢેલ અપૂર્વ યાત્રા સંઘના સંસ્મરણ અને સંભારણાને કલશ ચઢાવવા તરીકે, ઉદારતાથી બીજા ઉપરોક્ત કાર્ય કરી ભૂતકાળના જૈન ગૃહસ્થોની જેમ અમર નામ કરવા ભગ્યવંત થશો. જૈન સમાજ આટલી આપની પાસે અવશ્ય આશા રાખે કે નમ્ર સૂચના કરે તે અસ્થાને બીલકુલ નથી. છેવટે આપશ્રીએ જે આ મહાન કાર્ય હાથ ધર્યું છે તે નિર્વિઘ્ને પાર પડે, સંપૂર્ણ સફળતા મળે અને આપની ધર્મભવનાની વિશેષ વૃદ્ધિ થાય અને વર્તમાન કાળની જૈન સમાજની દરેક આવશ્યકતા જરૂરીયાત જરૂર પુરી પાડો તેમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ

**લાભ લીધો**—અત્રે ચાલતા શેઠ આણંદજી પરશોતમ જૈન ફ્રી ઔષધાલયનો સંવત ૧૯૯૦ માં સરેરાશ દર મહિને લગભગ પચાસ સાધુ–સાધ્વી, ચૌદ સો શ્રાવક–શ્રાવિકા, છ સો બાળકો અને નવ સો જેટલા જૈનેતરોએ લાભ લીધો હતો. દર્દીઓનું પ્રમાણ ઓછામાં ઓછું એકંદર વૈશાક પ્ર. માં ૨૫૯૭ અને વધુમાં વધુ માગશરમાં ૩૧૨૨ નું રહ્યું હતું. ખાસ કરીને અશાડ, આશો અને કાર્તિક, માગશર, પોશ માસમાં દર્દીની ભરતી વધે છે તેના કારણોનું નિદાન કરી તેવા દર્દથી સાવચેત રહેવાને આરોગ્યસૂચક સાહિત્ય ફેલાવવામાં આવે તે ઇચ્છનીય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




**અધ્યાત્મતત્ત્વાલોક:**—આત્મ જાગૃતિ, અષ્ટાંગ યોગ, કષાયજય વગેરે આઠ પ્રકરણોમાં ન્યાયવિશારદ, ન્યાયતીર્થ મુનિરાજ **શ્રી ન્યાયવિજયજી** મહારાજે વિદ્વત્તા ભરેલી રીતે આ ગ્રંથની રચના કરી છે. વિદ્વાન પુરુષોને હાથેજ આવા આધ્યાત્મિક અને ટૂંકાણમાં અંદર સમાયેલ વસ્તુ સ્વરૂપને સ્ફુટ રીતે સમજાય તેવી કૃતિ સંકલનાપૂર્વક બની શકે છે. આ ગ્રંથમાં તેવું જ સ્વરૂપ છે અને ખાસ પઠન–પાઠન માટે મનન કરવા લાયક આ ગ્રંથ છે. પ્રથમ સંસ્કૃત ભાષામાં શ્લોક સાથે તેનું શુદ્ધ સરલ ગુજરાતી ભાષાંતર આપવામાં આવેલું છે. પ્રસ્તાવના પણ વાંચવા યોગ કર્તા મુનિમહારાજે જ લખેલ છે. એમના જેવા વિદ્વાન ધર્મગુરુના હાથે લખાયેલ આવા ગ્રંથોની સમાલોચના માટે એમના જેવા કે વિશેષ વિદ્વાન જ ન્યાય આપી શકે. અમારી જેવા બાળજીવોથી તો માત્ર ઉપર ઉપરથી અને પ્રણાલિકાપણે માત્ર ફરજ જ બજાવી શકાય. કિંમત ૧–૮–૦ પ્રકાશક સુરેન્દ્ર લીલાભાઇ ઝવેરી બી. એ. વડોદરા, મળવાનું સ્થળ શ્રીમતી લીલાવતી બ્હેન દેવીદાસ, વાલકેશ્વર રોડ વિજય મહાલ નં. ૧૨ પહેલે મજલે મુંબઇ.

**૨ આદર્શ–કહાનિયા–સંપાદિકા—પંડિતા ચંદાબાઇ જૈન આરા–પંજાબ** હિંદીભાષામાં ૨૭ આદર્શ સ્ત્રીઓના ચરિત્રો આગ્રંથમાં લેખક શ્રીમતી બ્હેને સંક્ષિપ્ત પરંતુ સરલ અને રસિકભાષામાં તૈયાર કર્યા છે. દરેક બ્હેને વાંચવા યોગ્ય છે. સ્ત્રી ઉપયોગી સાહિત્ય હિંદીભાષામાં તે આવકારદાયક ગણાય. પ્રકાશકના બંધુના સ્વર્ગવાસી સુપત્નીનાસ્મરણ ચિન્હ તરિકે પ્રગટ થયેલ છે અને તે ભેટ તરીકે દર્શના ગ્રાહકોને ભેટ અપાય છે. કિંમત રૂા. ૧–૨–૦

**૩ સંક્ષિપ્ત જૈન ઇતિહાસ**—બીજો ભાગ–બીજો ખંડ–લેખક **બાબુ કામતાપ્રસાદ જૈન.** લેખક મહાશય જૈનધર્મના ઇતિહાસિક ખોજપૂર્ણ પુસ્તકોના સુપ્રસિદ્ધ લેખક છે. તેઓશ્રીએ આ પહેલાં આ ગ્રંથનો કેટલા ભાગો અને બીજા ભાગનો પ્રથમખંડ લખેલ છે જે પ્રકટ થયેલ જણાય છે જે ગ્રંથો અમારી પાસે નહિં હોવાથી સમાલોચના અપૂર્ણ લઇ શકાય છતાં આ ગ્રંથ જોતા લેખકબંધુ તુલનાત્મક દ્રષ્ટિએ અનેક શોધો કરી લખતા હોય છે એમ આ ગ્રંથ જોતાં જણાય છે. આ ગ્રંથમાં ઇ. સ પૂર્વ ૨૫૦ વર્ષથી ઇ. સ. ૧૩૦૦ વર્ષ સુધીનો પ્રાચીન જૈન ઇતિહાસ સંબંધ હકીકત સંક્ષિપ્ત સ્વરૂપે જણાવેલ છે. કોઇ પણ દર્શનનો પ્રાચીન ઇતિહાસ પ્રગટ થાય તે તેના સનાતનપણા માટે ગૌરવભરેલું અને સત્ય નિરૂપણ છે. જૈન ઐતિહાસિક સાહિત્ય હજી ઘણું અણખેડયું પડયું છે. વર્તમાન કાળ માટે તેની ઘણી જરૂરીયાત છે, જૈન ઇતિહાસના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રેમીઓ માટે વાંચવા અને સંઘરવા યોગ્ય ગ્રંથ છે. પ્રકાશક મહાશયે પોતાની સ્વ. પત્નીના સ્મરણાર્થે " દિગંબર જૈન " પત્રના ૨૭ મા વર્ષના ગ્રાહકોને ભેટ આપવા કરેલી યોજના પ્રશંસનીય છે. કિંમત રૂા. ૧-૨-૦

**જૈનધર્મનો પરિચય.** લેખક પં. **અજિતકુમારજી** જૈન, શાસ્ત્રી ભાષાંતરકર્તા **મુળચંદ કીસનદાસ** અધિપતિ **જૈન** પ્રકાશક **જયંતીલાલ** સાકરચંદ સુરત. કિંમત ધર્મ-પ્રચાર. આ ગ્રંથ મૂળ હિંદીભાષામાં લખાયેલનું ગુજરાતી ભાષાંતર છે. ધર્મ પ્રાચીનતા-જીવ-અજીવ-કર્મ--દેવગુરૂ ત્રિરત્ન અને પ્રતિમાનું સ્વરૂપ સંક્ષિપ્તમાં આપ્યું છે. જે પ્રાથમિક અભ્યાસીઓ માટે ઠીક છે. ભાવનગરનિવાસી શેઠ વૃજલાલ કોળદાસે પોતાની સ્વ૦ પત્નીના શ્રેયાર્થે સહાય આપેલ છે.

નં. ૨-૩ ગ્રંથોના પ્રકાશક " દિગંબર જૈન " માસિકના અધિપતિ શ્રીયુત મૂળચંદ ભાઇ કીશનદાસ કાપડીયા ભવન સુરત છે. નં. ૧-૨-૩ હિંદીભાષામાં નં. ૪ ગુજરાતી ભાષામાં પ્રકટ થયેલ છે. મળવાનું સ્થળ દિગંબર જૈન માસિકના અધિપતિ-સુરત.

**શ્રી ષટ્ત્રિંશિકાચતુષ્ક** પ્રકરણ—( પૂર્વાચાર્યપ્રણીત ) સયંત્ર, સચિત્ર ગુજરાતી ભાષાંતર સાથે સંશોધનકર્તા **પ્રવર્તકજી મુનિ શ્રી ધર્મવિજયજી.** શ્રી મુક્તિકમલ જૈન મોહનમાળાના પુષ્પ ૨૭-૨૮-૨૯-૩૦ તરીકે પરમાણુખંડ, પુદ્ગલ, બંધ, નિગોદ છત્રીશી એ ચાર ગ્રંથોના ભાષાંતર, વિવેચન, પરિશિષ્ટો સાથે પ્રકટ થયેલ છે. પ્રકરણના અભ્યાસીઓ માટે સંકલના યોગ્ય થઇ છે. આ સભા તરફથી મૂળ ટીકા ભાષાંતર સાથે બંધ સિવાય ઉપરોક્ત ત્રણ ભાષાંતર સાથે આગળ પ્રગટ થયેલ હતા પરંતુ આ ગ્રંથમાં વિશેષ યંત્રો અને અમુક વિવેચનોની વૃદ્ધિ જણાય છે, જે અભ્યાસીઓ માટે વધારે ઉપયોગી બનેલ છે.

આ પ્રકાશન સંસ્થા ( ખાતા ) તરફથી જૈન તત્ત્વજ્ઞાનના અભ્યાસીઓ માટે જે ગ્રંથો પ્રકટ થાય છે તે ઉપયોગી જણાયા છે.

**શ્રી નવતત્ત્વ પ્રકરણમ્**—સુમંગળા ટીકા સહિત. ટીકાકાર પ્રવર્તકજી શ્રી ધર્મ-વિજયજી મહારાજ ( ઉપરોક્ત પ્રકાશન સંસ્થા તરફથી પુષ્પ ૩૨ તરીકે આ પ્રતાકારે ગ્રંથ પ્રકટ કરવામાં આવેલ છે.) ૫૯ મૂળ ગાથા ઉપર સંસ્કૃત ભાષામાં ટીકાકાર મહારાજશ્રીએ ૬૦૦૦ શ્લોકમાં આ ટીકા રચી છે. જૈન દર્શનનું તત્ત્વજ્ઞાન નવ તત્ત્વમાં જ સમાયેલું છે. તેના ઉપર ટીકા રચવી તે જૈન દર્શનના સતત અભ્યાસ-અધ્યયન વગર બની શકે નહિં. આચાર્ય **શ્રી વિજયમોહનસૂરિજી** મહારાજના વિદ્વાન પ્રશિષ્ય મુનિરાજ શ્રી ધર્મવિજયજી મહારાજનો આ રચના માટેનો પ્રયત્ન પ્રશંસાપાત્ર છે. આ ગ્રંથની શરૂ-આતમાં ટીકાકાર મહારાજશ્રીએ ભૂમિકા જે લખી છે તે વાંચવા યોગ્ય છે. આવા અનેક ગ્રંથો સંશોધન કરી પ્રકટ કરવાની અભિલાષા પ્રશંસાપાત્ર, ઉપકારિક અને જૈન સાહિત્યની અભિવૃદ્ધિ કરનારી છે.

આ ટીકાનું ગુજરાતી ભાષાંતર થવાની જરૂર છે. બંને ગ્રંથોની કિંમત ગ્રંથોમાં જણાવવામાં આવી નથી. —:મળવાનું સ્થળ:—

**શ્રી મુક્તકમલ જૈન મોહનજ્ઞાનમંદિર, રાવપુરા, મહાજન ગલી—વડોદરા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री बृहत् कल्पसूत्रम्–

( મૂળ, ભાષ્ય, ટીકા સહિત પુસ્તક ૧ લું પીઠિકા. )

નિરંતર ઉપયોગી ધાર્મિક રીતરિવાજોની પરિપાટી અને પરંપરા વિસરાતી જાય છે તેવા કાળમાં આ પ્રકાશન કેવું આવકારદાયક થઇ પડે છે તે તેના વાચકો સમજી શકે તેવું છે. આ સૂત્રના પ્રકાશનના પ્રારંભમાં તેની ઉપયોગિતા શું છે ? છેદસૂત્ર માટે જૈન સમાજની શું માન્યતા છે ? તે માટે મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજે પ્રાસંગિક નિવેદન સર્વ કોઇ સમજી શકે તે માટે ગુજરાતી ભાષામાં વિદ્વત્તાપૂર્ણ આપેલ છે.

કિંમત રૂા. ૪–૦–૦ પોસ્ટેજ બાર આના.

---

# શ્રીપાળરાજાનો રાસ.

( સચિત્ર અર્થ સહિત. )

આજ સુધીમાં પ્રગટ થયેલ રાસો કરતાં આ રાસમાં ઘણી નવીનતાઓ હોવાથી સર્વ સ્થળે ઉપયોગી મનાયો છે. ઓળીના અંગે ઉપયોગી દરેક વિધિવિધાનો, સ્નાત્રો, પૂજાઓ સાથે આપવામાં આવેલ હોવાથી આ એક જ પુસ્તકથી આરાધન થવા સાથે રાસ પણ સાથે વંચાય છે.

શ્રીનવપદમંડળ, શ્રીસિદ્ધચક્રયંત્ર, અને પ્રસંગોને બંધબેસતા અને પુંઠા ઉપરના મળી ચૌદ વિવિધ રંગની છબીઓ, ગુરૂભક્તિ નિમિત્તે બે ગુરૂમહારાજની છબીઓ વગેરે સાથે આપવામાં આવેલ છે. ઉપયોગી સંગ્રહ, સુંદર કાગળ, દળદાર અને મનહર મજબુત બાઇડીંગ એવા અનેક આકર્ષણો હોવા છતાં ખપી જીવોની સગવડ માટે ઓછી કિંમત રાખવામાં આવેલ છે. ઉંચા કપડાના બાઇડીંગના રૂા. ૨–૮–૦ ચાલુ કપડાના બાઇડીંગના રૂા. ૨–૦–૦ પોસ્ટેજ જુદું.

૨ **જૈનધર્મ**—યુરોપીયન વિદ્વાન અને જૈનધર્મના પ્રખર અભ્યાસી મી૦ હરબર્ટ વૉરનનો લખેલ " જૈનીઝમ " જૈનદર્શન-વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ ( જીવનના મહાન્ પ્રશ્નોનું જૈનદર્શનથી સમાધાન તેનું ગુજરાતી ભાષાંતર આ ગ્રંથમાં આપવામાં આવ્યું છે, જૈનધર્મના તત્ત્વજ્ઞાન ઉપર લખેલ આ ગ્રંથ મનનપૂર્વક જૈન અને જૈનેતર તેમજ સાક્ષરો, વિદ્વાનો અને જિજ્ઞાસુઓને ખાસ વાંચવા જેવો છે. કિંમત

૩ **શ્રી સંવેગદ્રુમકન્દલી**—શ્રી વિમલાચાર્યરચિત મૂળ સાથે ભાષાંતરઃ—સંસારની આધિ, વ્યાધિ, ઉપાધિથી બળીજળી રહેલા આત્માને અપૂર્વ ઔષધરૂપી પરમશાંતિ પ્રગટ કરાવી સંવેગ માર્ગ તરફ લઇ જનાર આ લઘુ ગ્રંથ છે. મૂળ કાવ્યો સુંદર સંસ્કૃત ભાષામાં અને તેનું ગુજરાતી ભાષાંતર સાથે આપવામાં આવેલું છે. આ ગ્રંથ આધ્યાત્મિક સાહિત્યનો છે. ઉંચા કાગળ, સુંદર શાસ્ત્રી ટાઇપ અને સુશોભિત બાઇડીંગમાં અલંકૃત કરાવેલ છે. સૌ કોઈ લાભ લે તે માટે માત્ર ચાર આના ( પોસ્ટેજ સવા આનો જુદો ) કિંમત રાખવામાં આવેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 4..

શ્રી ઉપયોગી

# સતી સુરસુંદરી ચરિત્ર.

( લેખક રા. સુશીલ. )

( રાગરૂપી આગ અને દ્વેષરૂપી કાળાનાગને શાંત કરવામાં જળ અને મંત્રની ઉપમાને યોગ્ય અદ્‌ભુત, રસિક કથા ગ્રંથ. )

આ ગ્રંથના મૂળ કર્તા શ્રીધનેશ્વર મુનિના આ કથાની રચના જૈન કથા સાહિત્યમાં બહુ જ આદરને પાત્ર મનાય છે. વૈરથી ધગધગતા અને રાગમોહથી મૂંઝાતા હૈયાને શાંત બનાવવાની કળા, કુશળતા અને તાર્કિકતા કર્તા સૂરીશ્વર મહારાજે આ ગ્રંથમાં અદ્‌ભુત રીતે બતાવી છે. પ્રાચીન શૈલીએ લખાયેલી આ કથાને બની શકે ત્યાં સુધી આધુનિક શૈલીએ મૂળ વસ્તુ અને આશય એ તમામ સાચવી, સરલ રીતે આ ગ્રંથનીરચના કરવામાં આવી છે.

કથારસિક વાચકવર્ગ કંટાળી ન જાય તે માટે પ્રથમ કથા (ચરિત્ર), પછી કેવળી ભગવાનની ઉપદેશધારા અને તે પછી પ્રાસંગિક નૈતિક ઉપદેશક શ્લોકો (મૂળ સાથે ભાષાંતર) સુધાબિંદુ એ પ્રમાણે ગોઠવીને ગ્રંથ આધુનિક પદ્ધતિએ પ્રગટ કરેલ છે.

રસદૃષ્ટિ, ઉપદેશ, ચરિત્રકથા અને પ્રાચીન સાહિત્યની દૃષ્ટિએ આ ગ્રંથ એક કિંમતિ અણમોલ અને અનુપમ ગ્રંથ છે. એન્ટીક પેપર ઉપર સુંદર અક્ષરો અને કપડાના સુશોભિત બાઇડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. કિંમત રૂા. ૧–૮–૦ પોસ્ટેજ જુદું.

## કલકત્તાવાળાના વિવિધ રંગોના મનોહર ફોટાઓ.

| નામ. | કીંમત. |
|---|---|
| શ્રી નેમનાથ સ્વામીના લગ્નનો વરઘોડો | ૦-૧૨-૦ |
| શ્રી મહાવીર સ્વામીનું સમવસરણ તથા શ્રેણિક રાજાની સ્વારી. | ૦-૧૨-૦ |
| શ્રી કેસરિયાજી મહારાજ. | ૦–૮–૦ |
| શ્રી ચંદ્રગુપ્તના સોળ સ્વપ્ન. | ૦–૮–૦ |
| શ્રી ત્રિશલા માતાના ચૌદ સ્વપ્ન. | ૦–૮–૦ |
| શ્રી ગૌતમ સ્વામી. | ૦–૮–૦ |
| શ્રી સમ્મેતશિખરજી સિદ્ધક્ષેત્ર. | ૦–૮–૦ |
| શ્રી રાજગિરિ પંચપહાડ | ૦–૮–૦ |
| શ્રીપાર્શ્વનાથ પદ્માવતી | ૦–૮–૦ |

| નામ. | કીંમત |
|---|---|
| શ્રી ગિરનારજી સિદ્ધક્ષેત્ર. | ૦–૬–૦ |
| શ્રી રાજગિરિ–સિદ્ધક્ષેત્ર. | ૦–૬–૦ |
| છ લેશ્યા. | |
| મધુબિંદુ. | ૦–૬–૦ |
| શ્રી પાવાપુરીનું જલમંદિર. | ૦–૮–૦ |
| સમ્મેતશિખર તીર્થ ચિત્રાવળી સોનેરી બાઇન્ડીંગ સાથે | ૨–૮–૦ |
| જંબુદ્વીપનો નકશો રંગીન | ૦–૬–૦ |
| નવતત્ત્વના ૧૧૫ ભેદનો નકશો. રંગીન | ૦–૨–૦ |
| શ્રી સિદ્ધચક્ર યંત્ર. રંગીન | ૦–૬–૦ |

ભાવનગર—આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.

For Private And Personal Use Only